بسم الله الرحمن الرحيم

قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بَلِّغُوْا عَنِّي وَلَوْ اٰيَةً

હ૦ રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલમે ફરમાવ્યું મારા હુકમો પહોંચાડો અગરચે એકજ હુકમ હોય.

★

દીવાને મશાયખ

# ઇબાદત

ભાગ બીજો

## ફસલ તેરમી

ઝકાત, રોઝા, હજ, નિકાહ, કુરબાની, શીકાર, શરાબ, મકરૂહાત. અને બીજા અહમ મસલાઓનો ખુલાસાવાર બયાન છે.

★

છપાવી પ્રગટ કરનાર

મોમિન એક્ષલસીયર એસોસીએશન.

૧૭૭, બીલાસીસ રોડ, મુંબઈ, ૮.

★★
★

આવૃતિ પહેલી
ઈ. સ. ૧૯૪૮

(કીંમત પાંચ રૂપીઆ)

પ્રત ૫૦૦
હી. સન ૧૩૬૭

આ કીતાબ એક્ષલસીયર એસોસીએશન, બીલાસીસ રોડ, મુંબઇ ૮.
ચેમ્પીયન પ્રીન્ટીંગ પ્રેસ, બાપટી રોડ, મુબઇ ૮ માં છપાવી પ્રગટ કરી.

بسم الله الرحمن الرحيم

# પ્ર સ્તા વ ના

અલહમદો લિલ્લાહે રબ્બીલ આલમીન. વસ્સલાતો વસ્સલામો અલા સય્યદિલ મુરસલીન, વ અલા આલેહી વ અસહાબેહી અજમઇન.

બધી તા'રીફ ખુદાએ તઆલના માટેજ છે, જે તમામ દુનિયાનો પાલનહાર છે. બેહદ અને અપાર દરૂદ અને સલામ તમામ રસુલોના સરદાર હ૦ મોહંમદ મુસ્તફા સલ૦ અ૦ વ૦ પર, તેમની આલ, અસહાબ અને બધા પેરવી કરનારાઓ પર થાઓ.

હમદ અને દરૂદ ના બાદ અરજ કરવાનુ કે ઇસલામના અકીદા સહી અને દુરસ્ત કરવાના બાદ સૌથી વધારે જરૂરી ઈલમે ફિકાહ એટલે ઈસલામી શરીઅતનું ઇલમ શિખવું છે. હ. પીર મશાયખ રહે. તેમના દીવાનમાં ફિકાહ (ઇબાદત) ની બે ફસલો (ભાગ) લખી છે. તેમાથી પહેલો ભાગ જનાબ હાજી જમાલુદ્દીન નુરમોહંમદ સાલેહ સાહેબે છપાવીને પ્રગટ ૧૩૪૨ હીજરીમાં કરેલ હતો. આ બીજો ભાગ છપાવીને પ્રગટ કરવાનું કામ ખુદાએ તઆલાએ અમારા જેવા નાચીજ કમહસ્તીના બંદાઓ પાસે લીધું છે તે માટે અમો તે મહેરબાન પાક પરવરદિગારનો બહુજ એહસાન અને શુકર માનીએ છીએ.

ફિકાહના આ બીજા ભાગમાં હ. પીર મશાયખ રહે. ઝકાત, રોઝા, હજ. ફિતરો, કુરબની, નિકાહ, મકરૂહાત શરાબ અને શિકારના ખુલાસાવાર બયાન ઘણુ કરીને અરબી 'કનઝ' કિતાબમાંથી મસઅલા લઇને લખેલ છે. વળી આપે આ કીતાબમાં કોઇ કોઇ ઠેકાણે વિરસાનો બોલ વાપરેલ છે જેમકે:–

જે માકા વેરસા, પાયા બાલકરે નાહાં
વે બાલક ગણાયા, ફકીરૂં માહાં
તો ઓસકા રે ફિતરા, બાપકુ દેના.
એ લડકા ફકીરૂં, મા બુઝરે લેના,
હોવે માકા વેરસા, ઓસ લડકેકુ દીતા,
તો ઓસ માંહેથી દેના, હે હોકમ રે કીતા,

બયાન ૩૩, પાનું ૫૬.

જું ભાઇ ને બાવા, દાદારે કહીએ,
જું ચચાભી સંગ, ઓર બાવેકે લહીએ,
જે નજદીક હોવે. જીસે વિરસા પોચાતા,
વે સગીર કેરા, નિકા રે કરાતા,

બયાત ૮૭ પાનું ૧૫૩,

આ વિરસા બાબત થોડોક ખુલાસો કરવાની જરૂર છે. અલ્લાહતઆલા એ કુરઆન શરીફમાં મૈયતના માલની વહેંચણી તથા વારેસોના હિસ્સાઓને વિગતવાર બયાન ફરમાવેલ છે. જે લોકો ખુદા અને રસુલના હુકમના માફિક દરેક વારેસને તેનો હિસ્સો પહોંચાડશે તો અલ્લાહતઆલા તેમને એવી જન્નતમાં જ્યાં નેહરો વહે છે હંમેશના માટે દાખલ કરશે, આખેરતમાં એજ મોટી મુરાદ અને નસીબદારી છે. અને જે લોકો વારેસોને તેમનો હિસ્સો શરીઅત માફિક નહી આપે તો અલ્લાહતઆલા તેમને હંમેશના માટે દોઝખમાં નાખશે, અને તેમના માટે અઝાબ ઝલીલ કરનાર છે, અલ્લાહ તઆલાએ ઘણી તાકીદો સાથે વિરસો આપવાના હુકમ બયાન ફરમાવ્યા છે, આપણા નબીએ કરીમ સ. અ. વ. ફરમાવ્યું છે કે મીરાસના એટલે વિરસાના મસલા પોતે શીખો અને બીજાને શીખાવો કારણ કે તે અર્ધો ઇલિમ છે વારસાનો એક મસલો શીખવ્વો બીજા સૌ મસઅલા શીખવવા બરાબર સવાબ છે,

હવે મૈયતના માલનો શરીઅતનો હુકમ સાંભળો, જ્યારે કોઇ માણસ મરી જાય તો સઉથી પહેલા તેના માલમાથી તેનું કફન દફન શરીઅત પ્રમાણે કરવું જોઇએ, તે બાદ જો માલ બચે તો તેનું તમામ દેવું આપવુ જોઇએ, દેવું ચુકવવા બાદ જો માલ બાકી રહે તો તે માલના ત્રીજા ભાગમાંથીં જો મરનારે શરીઅત પ્રમાણે વસીયત કરી હોય તો તે અદા કરવી જોઇએ. ત્રીજા ભાગથી વધુ વારેસોની રજા સીવાય મૈયતના માલમાથી વાપરવું જાએઝ નથી જો વારેસોમાં નાબાલેગ બાળક હોય તો તેની રજાનો એતેબાર નથો તેના હીસ્સામાથી ખરચ કરવું જાએઝ નથી, ત્રીજા ભાગમાંથી વસીયત જો શરીઅત માફિક હોય તો અદા કરવી જોઇએ જેમકે મુરદાના ઉપર કેટલીક ફરઝ નમાઝો યા રોઝા યા ઝકાત યા હજ વીગેરે બાકી રહી ગઇ હોય અને તે પોતે કહી પણ ગયો હોય કે મારા માલમાથીં નમાઝ યા રોઝાનો ફીદીયો આપશો અથવા ઝકાત આપશો યા હજ કરાવશો યા બીજો કોઇ નેક કામની વસીયત કરી હોય જેમકે અમુક મીસકીનને આટલુ આપશો તો એ દુરૂસ્ત છે, અને જો કોઇ વસીયત શરીઅત ના ખિલાફ હોય જેમકે મારી પાછળ મારા માલમાથી દસમુ વીસમુ, ચાલીસમુ કે વરસી કરશો અથવા તો બાપ દાદાની રસમ અદા કરવા માટે ન્યાત જમાતને મેમાણી કરી ખવડાવશો તો એવી વસીયતને અદા કરવી જાએઝ નથી. અને એવી

મેમાણીનું ખાવું પણ જાએઝ નથી. વળી જો નાબાલેગના હીસ્સામાંથી જો મેમાણી અથવા ગામે ગામ ચીઠીઓ લખી ફાતીઆના નામે ખાણું પકાવી ખવરાવવુ તે ખાણું ખાવું તથા ખવરાવવું જાએઝ નથી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે જેઓ યતીમોનો માલ નાહક ખાય જાય છે તેઓ પોતાના પેટમાં આગ ભરે છે, અને તેઓ ટુંકમાં દોજખમાં જશે. વિરસાનો એવો હુકમ છે કે જેટલા હકદાર હોય તેટલાઓને તેમના ભાગ મુંજબ આપવું જોઇએ તેના ખિલાફ કરશે તો ગુનેહગાર થશે. ખુદાએ તઆલા સરવે ભાઇઓને શરીઅત પ્રમાણે અમલ કરવાની તોફીક બક્ષે.

હ. પીર મશાયખ રહે. લખેલ તેર ફસલોની ગઝલો (બયાન) ના જુના નંબર જોતા એમ સાબીત થાય છે, કે આપે એક સિલસિલાવાર દીવાન લખ્યું છે. તે તેર ફસલોના કુલ બયાન ૨૩૫૮ છે અને કુલ પાના ૩૪૦૭ છે.

દીવાને મશાયખની તેર ફસલોના નામ, સિલસિલેવાર બયાનોના નંબર અને તે ફસલોનો ટુંકસાર આ કિતાબના શરૂઆતમા આપેલો છે. તે સિવાય હ. પીર મશાયખ રહે. એક **નાનુ નુરનામુ**, એક **નાનુ મેરાજનામુ**, એક **તરીકતની કિતાબ** અને કંઇક **સીડીઓના** એટલે પરચુરણ બયાન પણ લખ્યાં છે, હ. પીર મશાયખ રહે. નો આપણી કોમ પર અપાર એહસાન છે. આ તેર ફસલોમાં આપે તમામ દીનનો ખુલાસો આપણોને લખી આપ્યો છે, ખુદાએ તઆલા તેમની કબરમાં પોતાની રહેમતનું નુર ભરે અને તેમનો મરતબો બુલંદ કરે.

આ કિતાબ મોમિન એક્ષલસીયર એસોસીએશન તરફથી નકલ કરાવી છપાવવામાં આવી છે, તે માટે અમો તેના મેમ્બરો માટે ખુદાએતઆલા પાસે દુઆ કરીએ છીએ કે તેમને આવા દીની કામો કરવા માટે વધારે તોફીક આપે, જે જે બીજો સાહેબોએ આ કામમાં મદદ કરી છે, ખુદાએતઆલા તેમની આ દીની ખિદમતને તેમની આખેરતની નજાતનો સબબ બનાવે.

છેવટમાં મહેરબાન વાંચકોને વિનંતી છે કે જે કંઈ ભુલ છાપવામાં રહી ગઇ હોય તે સુધારીને વાંચશો.

આખેરતમાં ખુદાએતઆલાથી બખશીશની ઉમ્મીદથી આપણા હ. પીર મશાયખ રહે. ના શબદોમાં દુઆ માંગીને દીબાચો પુરો કરૂં છું.

**બખશ તુ ઇલ્લાહી, સુરીજન હારા,**
**હે બંદા આસી, તેરા રે બચારા.**
**આકેબત કીજીઓ ખેર તુ, સાહેબ તુ સત્તાર રે,**
**સાહેબ તુ સત્તાર,**
**સો દોસ્તી ખાતમ નબીકી, ભી અનુકે ચારૂ યાર રે,**
**ભી અનુકે ચારૂ યાર.**

(ફી. "ખુલફાએ રાશેદીન" પીર મશાયખ).

વસ્સલાતો વસ્સલામો અલા સય્યદિલ મુરસલીન વ અલા આલેહી વ અસહાબેહી અજમઇન,

લી૦ નાચીજ

**હા. દાઉદ હા, રાજમોહમદ દાઉવા.**

## ——અણમોલ મોતી——

### દીવાને મશાયખની તેર ફસલોના નામ સિલસિલેવાર બયાનોના નંબર અને તેનો ટુંક ખુલાસો નીચે મુજબ છે.

| ફસલ નંબર | ફસલનું નામ | બયાન નો શરૂ નંબર | બયાન નો આખરી નંબર | ફસલના બયાનોનો ટુંકસાર |
|---|---|---|---|---|
| ૧ | નુંર નામા | ૧ | ૧૪૭ | અલ્લાતઆલાની પાક ઝાત અને તેની સિફતોના બયાન. અલ્લાહ એક છે એનો કોઇ શરીક નથી અને એના સિંવાય બીજા કોઇની ઇબાદત કરવી નહી. હ. મોહંમદ સ. અ, વ. ના નુરની પેદાશના અને આપના નુરથી તમામ મખલુકાતની પેદાશના બયાન અને પેગંબરોના બયાન છે. |
| ૨ | મેરાજ નામા | ૧૪૮ | ૩૨૯ | આપણા નબીએ કરીમં સ.અ.લ. ને મેરાજ થઇ. આપ પોતાનાં મુબારક બદન સાથે સાતે આસમાન પાર કરી અરશે અઝીમ પર જઇ અલ્લા તઆલા સાથે વાતો કરી તેના બયાન અને જન્નત અને દોઝખ વિગેરે ના બયાન છે, |
| ૩ | ગઝવાત | ૩૩૦ | ૫૩૪ | જે લડાયોમાં આપણા પીયારા નબી સ.અ.વ. તશરીફ લઇ ગયા લશકર સાથે તેના બયાન છે. |
| ૪ | ગિરદીયા | ૫૩૫ | ૬૫૨ | આપણા પિયારા નબી સ.અ.વ. ના હુલીયા મુબારકના, ચાલ ચલણના અને આપની બીબી-યોના બયાન છે. |

| ફેસલ નંબર | ફેસલનું નામ | બયાન નો શરૂ નંબર | બયાન નો આખરી નંબર | ફેસલના બયાનોનો ટુંકસાર |
|---|---|---|---|---|
| ૫ | મોજીઝાત | ૬૫૩ | ૭૮૦ | આપણા પિયારા નબી સ. અ વ. ના મોજીઝોના બયાન છે. |
| ૬ | વિસાલ નામા | ૭૮૧ | ૯૩૨ | આપણા પિયારા નબી સ.અ.વ. ના સગાઓના, આપની વફાતના બયાન અને આપ પર દરૂદ પઢવાથી કેટલો ઘણો સવાબ છે તેના દરૂદોના સાઠ બયાન છે. |
| ૭ | ખુલફાએ રાશેદીન | ૯૩૩ | ૧૦૪૯ | આપણા પિંયારા નબી સ.અ.વ. ના ચાર ખલીફાઓની બુઝુરગી ના બયાન છે, પહેલા ખલીફા હ. અબુબકર સીદીક (રદી) બીજા ખલીફા હ. ઉમર ફારૂક (રદી) ત્રીજા ખલીફા હ. ઉસમાન ઝિન્નુરેન (રદી) અને ચોથા ખલીફા હ. અલી કર્રમલ્લાહો વજહહુ છે. ચારે ખલીફાઓને માનનાર સુન્નત જમાઅત આખેરતમાં જન્નતી થાશે. |
| ૮ | મકતુલ નામા (ભાગ ૧) | ૧૦૫૦ | ૧૩૦૨ | હ. મોહંમદ સ. અ, વ. ની અહલેબૈતની બુઝુરગીના બયાન છે તેમજ હ. ઇમામ હસન અને હ. ઇમામહુસેન (રદી) ની શહાદતનો બયાન છે અહલે બૈતથી સુન્નત જમાઅતના અકીદા પ્રમાણે મોહબ્બત રાખવી ઈમાનની નીશાની છે. |
| ૯ | મકતુલ નામા (ભાગ ૨) | ૧૩૦૩ | ૧૬૦૩ | |

| ફસલ નંબર | ફસલનું નામ | બયાન નો શરૂ નંબર | બયાન નો આખરી નંબર | ફસલના બયાનોનો ટુંકસાર |
|---|---|---|---|---|
| ૧૦ | ઇમાન ભાગ ૧ | ૧૬૦૪ | ૧૮૨૦ | અકીદાના બયાન, મીશકાત શરીફમાંથી હદીસોના બયાન લખેલા છે, અલ્લાહ તઆલા પર તેની તમામ સિફતો સાથે ઇમાન લાવવું, ફરીશતાઓપર આસમાની કીતાબોપર, પેગંબરોપર અને કીયામતપર ઇમાન લાવવાના અને કબીરા ગુનાહ વિગેરેના બયાન છે. |
| ૧૧ | ઇમાન ભાગ ૨ | ૧૮૨૧ | ૨૦૩૭ | તકદીરના બયાન, કબરના અઝાબના બયાન, સુન્નતની પેરવી કરવાની તાકીદ અને બિદઅતથી બચવાના બયાંન દીનદાર આલિમોની જમાઅત સાથે રહેવું અને જાહીલોથી દુર ભાગવાના બયાન છે. |
| ૧૨ | ઇબાદત ભાગ ૧ | ૨૦૩૮ | ૨૨૦૦ | વઝુના બયાન, ગુસલના બયાન, પાક પાણી અને નાપાક પાણી ના બયાન, તયમ્મુમનાં બયાન, પાકી અને નાપાકી ના બયાન નમાઝના બયાન વિગેરે છે. |
| ૧૩ | ઇબાદત ભાગ ૨ | ૨૨૦૧ | ૨૩૫૮ | ઝકાત, રોઝા, હજ નિકાહ, કુરબાની, મકરૂહાત, શરાબ અને શિકારના બયાન છે. |

## "ઇબાદત" ના ભાગ બીજાનું સાંકળીયું.


| પાનું નં. | બયાન નં. | વિગત |
|---|---|---|
| ૧ | ૧ | ઈસ્લામમા ઝકાતની વ્યાખ્યા અને તેનો ખુલાસો. |
| ૧૧ | ૮ | ઉંટની ઝકાત આપવાનું બયાન. |
| ૧૭ | ૧૧ | ગાયો ભેસોની ઝકાત આપવાનું બયાન. |
| ૨૧ | ૧૩ | બકરીઓની ઝકાત આપવાનું બયાન. |
| ૨૨ | ૧૪ | જે જનાવરો પર ઝકાત વાજીબ નથી તેના બયાન. |
| ૨૮ | ૧૮ | રોકડ નાણું સોનું અને ચાંદીની ઝકાતનું બયાન. |
| ૩૪ | ૨૨ | ઝકાત વસુલ કરનારનું બયાન. |
| ૩૯ | ૨૫ | જમીનમાંથી ખાણ નીકલે તેની ઝકાતનું બયાન. |
| ૪૧ | ૨૬ | જમીનના મેસુલનો દસમો ભાગ આપવાની રીત. |
| ૪૭ | ૨૯ | ઝકાત કોને આપવી તેનુ બયાન. |
| ૪૯ | ૩૦ | ઝકાત કોને નહી આપવી તેનું બયાન. |
| ૫૪ | ૩૩ | રમઝાનની ઇદનો ફિતરો આપવાનું બયાન. |
| ૬૦ | ૩૬ | રોઝાનું બયાન. |
| ૯૨ | ૫૪ | એતેકાફના બયાન. |
| ૯૫ | ૫૬ | હજનું બયાન. |
| ૧૨૦ | ૭૦ | નિકાના બયાન, |
| ૧૨૯ | ૭૫ | જે ઓરતોથી નિંકાહ કરવું હરામ છે તેના બયાન. |
| ૧૪૬ | ૮૪ | મુતાઅના નિકાહ અને વખતીયા નિકાહનું બયાન |
| ૧૪૮ | ૮૫ | ઓરતના વાલીનું બયાન. |
| ૧૫૮ | ૯૦ | પોતાનો કબીલો મુકી બીજા કબીલામા નિકાહ કરવાનું બયાન |
| ૧૬૭ | ૯૪ | મહેરનું બયાન. |
| ૧૯૦ | ૧૦૬ | ગુલામના નિકાહનું બયાન. |
| ૧૯૮ | ૧૧૦ | કાફીરોના બયાન. |
| ૨૦૭ | ૧૧૫ | ઓરતોની વારી અને ભાગનું બયાન. |
| ૨૦૮ | ૧૧૬ | દુધ પીવાની સગાઇનું બયાન. |
| ૨૨૧ | ૧૨૨ | ઝબાહ કરવાના બયાન. |
| ૨૩૦ | ૧૨૭ | જે જનાવર ખાવા હરામ છે તેનું બયાન. |
| ૨૩૬ | ૧૩૦ | કુરબાનીનું બયાન, |
| ૨૪૫ | ૧૩૫ | મકરૂહ ચીજોનું બયાન. |
| ૨૬૪ | ૧૪૪ | શરાબનું બયાન. |
| ૨૭૨ | ૧૪૮ | શિકાર કરવાના બયાન. |
| ૨૮૫ | ૧૫૫ | ૧૩૦ ફરઝોનું બયાન. |

# ઓરતોને તલાક આપવા બાબત ટુંક ખુલાસો.

અલ્લાહતઆલાએ કુરાને શરીફમાં ફરમાવ્યું છે કે "અય નબી જ્યારે તમે ઓરતોને તલાક આપો તો એવી હાલતમા તલાક આપો કે તેની હેઝની મુદત જતી રહે અને ઇદ્દતને પુરી કરો અને અલ્લાહ તઆલાથી ડરો જે તમારો પાળવા વાળો છે અને તેમને પોતાના ઘરોમાથી ઇદ્દતની મુદત-મા કાઢો નહી અને તેમને જોઇએ કે નીકળે નહી પણ તે વખતે (કાઢો) કે હરામકારી ખુલ્લમ ખુલ્લા લાઝિમ આવે ( યાને શા-ક્ષીઓ સાથે ) અને એ અલ્લાહની હદો છે. અને જે શખશ અલ્લાહની હદો ઓળંગી ગયો તેણે બેશક પોતાંના નફસ પર ઝુલમ કર્યો. તુ ન જાણે શાયદ કે અલ્લાહ તઆલા પયદા કરે ત્યાર પછી ( યાને તલાક પછી ) એક સારૂ કામ.

"યાને તલાક સંબંધી જે ખુદાએ તઆલાના હુકમો છે તેથી ઉલટું ન કરો" દાખલા તરીકે આ વાત કે હદીસમાં એકી સાથે ત્રણ તલાક દેવાની મુમાનિયત છે એટલે મના કરેલું છે તો એવું ન કરો અને હયઝમા તલાક ન આપો.

અને તલાક દેવામા આવેલી ઓરતોને ઇદ્દતમા "તેમના રહેવાના ઘરોમાંથી (બહાર) કાઢો નહી અને નતો તે ઓરતો પોતે નિકળે, પણ. હા, કોઇ ખુલ્લી બેહયાઇ કરે તો જુદી વાત છે. દાખલા તરીકે બદકારી યા ચોરી કરે તો એ સુરતમા સઝા માટે ઘેરથી કાઢી મુકવામાં આવે યા ઝબાનદરાઝી અને હંમેશાનો ગમ અને તકરાર રાખતી હોય તો તેને કાઢી મુકીને તેના બાપના ઘરે મોકલી દેવી જાયઝ છે.

આગળ તલાક આપવા વાળાને તરગીબ આપી છે કે તલાકમા "રજઇ" ( યાને એક તલાક ) આપવી બહેતર છે "મુગલ્લઝા" ( એક સાથે ત્રણ તલાક ) ન દેવી જોઇએ. અલ્લાહ તઆલા ફરમાવે છે કે "અય તલાક દેવાવાળા તને ખબર નથી કદાચ અલ્લાહ તઆલા આ તલાક પછી નવી વાત તારા દીલમાં પયદા કરી દીએ."

હદીસમા આમ તોર પર તલાકને બુરી કીધેલી છે પણ ખાસ કરીને ત્રણ તલાકોને ઘણીજ બુરી કીધી છે. જ્યાં સુધી મરદ અને ઓરતમાં નિભાવ બને ત્યાં સુધી તલાક આપવી જોઇએ નહી અને જો તલાક સિવાય બીજો કોઇ ઇલાજ ન હોય તો તેને માટે આ હુકમ છે કે પહેલા એક તલાક આપે એથી ઓરતનો નાઝ અને નખરાં ટુટી જશે અને સુધરી જાય તો તેને પાછી ઇદ્દતની અંદર વગર નિકાહ રાખી શકે છે પણ

ત્રણ તલાક એકી સાથે આપવાથી ફેંસલો થઇ જાય છે અને મરદ તે ઓરતને વગર હલાલે પાછી નિકાહમા લાવી શકતો નથી. પાછળથી શરમીંદા થવુ પડે છે અને પસ્તાવો કરવો પડે છે.

અગર તલાક આપયા વગર નિભાવ થાય એમ ન હોય તો પ્રથમ ઓરતને એક તલાક હયઝથી પાક થયા બાદ આપે જો ઓરત સમજે નહી અને નાલાયકી મુકે નહી તો બીંજા મહીનામાં હયઝથી પાક થયા બાદ બીજી તલાક આપે એમ કરવાથી તે બંનેને વિચાર કરવાનો એક મહીનો મળશે જો બંનેમાં પાછો સંપ થઇ જાય તો "રજઅત" કરી લે યાને તે ઓરતને ઇદ્દતની અંદર પાછી વગર નિંકાહે રાખી લે. જો બે તલાક આપવા બાદ પણ બંનેમા સંપ ન થાય તો ત્રીજી તલાક નહી આપે પણ ઇદ્દત પુરી થવા દે, ઇદ્દત બાદ તે ઓરત તે મરદના નિકાહમાંથી નિકળી જશે, પણ એટલો તો લાભ થશે કે જો પાછળથી પસતાવો કરી બંનેમા સંપ થાય તો હલાલા કર્યા વગર બંને જણ નવો નિકાહ કરી શકે છે. અને જો ત્રણ તલાક આપી દીધેલી હોય તો નિકાહ ટુટી જશે અને ઇદ્દત બાદ તે ઓરત બીજા મરદ સાથે હલાલા (નિકાહ) કર્યા સિવાય તેનો તે મરદથી કોઇપણ રીતે નિકાહ થઇ શકતો નથી. હલાલા શરીઅતમા એને કહે છે કે જ્યારે એક ઓરતને એક મરદે ત્રણ તલાક આપી, તે ઓરત ઇદ્દત પુરી કર્યા બાદ બીજા મરદ સાથે નિકાહ કરે અને હમબીસ્તર પણ થાય અને ત્યાંથી પણ તેને તલાક મળે તો પછી ઇદ્દત પુરી કર્યા બાદ તે ઓરતના નિકાહ તેના પહેલા મરદ સાથે હલાલ થઇ શકે છે. તેને હલાલા કહે છે. પણ બીજા મરદ સાથે નિકાહ કરતી વખતે તલાક આપવાની શરત નહી કરવી જોઇએ નહી તો તે શરતથી નીકાહ કરનાર અને તે કામમા વચમા પડનાર બધાઓ પર અલ્લાહતઆલાની લાનત છે.

ઉપર લખેલા તલાક સંબંધના હુકમો અને ખુલાસો કોઇની સમજમા બરાબર નહી આવે તો કોઇ આલિમને પુછીને સારી રીતે સમજી લેવું.

## પાંચથી વધુ કીતાબો અગાઉથી ખરીદનારા

### ગ્રહસ્થોના નામ

| | | |
|---|---|---|
| ૨૫ | મશાયખી ટી એન્ડ પ્રોવીઝન સ્ટોર્સ | સીધપુર |
| ૨૫ | હા સુલેમાન અલીજી મલપરા | ખલી |
| ૨૫ | હાજી ઈબ્રાહીમ પીરમોહમદ શેલીયા | ગઠામણ |
| ૨૫ | સુલેમાન કમાલ કાપડીયા | મજાદર |
| ૨૦ | હા ઈબ્રાહીમ હા. રેશન સેલીયા વોચમેકર | ગ ામણ |
| ૨૦ | ફતેમહમદ રાજમહમદ મેહસાણીયા | રસલપુર |
| ૨૦ | રાજમહમદ નુરમહમદ ઉબા | સેદ્રાણા |
| ૨૦ | સુલેમાન હાજી અલીજી બદરા | બસુ |
| ૧૫ | અબ્દુર રહીમ હાજી ઈબ્રાહીમ કોજર | પીરોજપુરા |
| ૧૫ | હબીબ નસીરૂદીન કોજર | " |
| ૧૫ | હબીબ રાજમોહમદ લાલ | .. |
| ૧૫ | હબીબ જાનમોહમદ મોકણોજીયા | વાઘણા |
| ૧૫ | ગુલામ જીવા ચારોલીયા | સેદ્રાણા |
| ૧૫ | દોસ્તમોહમદ દાઉદ સેલીયા | પીરોજપુરા |
| ૧૫ | દાઉદ હાજી ઈબ્રાહીમ કરડીયા | છલોલ |
| ૧૫ | હાજી અલીભાઇ જેથરા ખરોડીયા | પાણપુર |
| ૧૦ | હાજી જાનમોહમદ હાજી નસીરૂદીન બાલવા | પીરોજપુરા |
| ૧૦ | હાજી ઈબ્રાહીમ જમાલુદીન ઢુકા | ગઠામણ |
| ૧૦ | હાજી ઇબ્રાહીમ જાનમોહમદ કડીવાલ | પીરોજપૂરા |
| ૫ | હાજી સુલેમાન નાથુ રણાસરીયા | બસુ |
| ૫ | હાજી વલીમોહમદ સેરસીયા | ટોકરીયા |
| ૫ | લાડા કરીમદ બાદરપુરા | બસુ |
| ૫ | હાજી ઈબ્રાહીમ મેમનજી બડ | પીરોજપુરા |
| ૫ | મેમનજી પીરમોહમદ બાલસાણીયા | " |
| ૫ | અબ્દુલ્લા ગાજી અથાણીયા | ગઠામણ |
| ૫ | અલીમોહમદ દાઉદ ભોરણીયા | ડુગરીયાસણા |

| | | |
|---|---|---|
| ૫ | હાજી નસીરુદ્દીન મીયાજી ચારોલીયા | પીરોજપુરા |
| ૫ | હાજી સુલેમાન કરીમમોહમદ વગદીયા | તેનીવાડા |
| ૫ | સુન્ની હન્ફી મશાએખી મોમિન જમાઅત | બીલાસીસરોડ. બસુ |
| ૫ | છાપી ટી એન્ડ પ્રોવીઝન સ્ટોર્સ | છાપી |
| ૫ | કુતુબખાનએ મોહમદીયા નવી મસ્જીદ | ,, |
| ૫ | હાજી નુરમોહમદ હાજી અલીજી મૂખી | ભાગોળ |
| ૫ | હાજી અલાઉદ્દીન હાજી મોહમદ | મેતા |
| ૫ | મો. યુસુફ મીયાંજી આગલોડીયા | ફતેગઢ |
| ૫ | હાજી તાજમોહમદ જાનમોહમદ અથાણીયા | બસુ |
| ૫ | હાજી સુલેમાન મેમનજી અથાણીયા | ,, |
| ૫ | અબ્દુલહલીમ વલીમોહમદ રણાસરીયા | ,, |
| ૫ | અબ્દુલ હકક નસીરૂદ્દીન લોરીયા | ,, |
| ૫ | ગુલામ રસૂલ નુરમોહમદ સાકરી | પીરોજપુરા |
| ૫ | દાઉદ સૂલેમાન નાદોલીયા | મજાદર |
| ૫ | અબ્દુલરહીમ હાજી અલીજી કોટડીયા | કમાલપુર |
| ૫ | પીરમોહમદ હાજી વજીરૂદ્દીન છાપીયા | છાપી |
| ૫ | હાજી જાનમોહમદ હાજી ઇબ્રાહીમ સાલેહ | પીરોજપુરા |
| ૫ | હાજી જમાલુદ્દીન નુરમોહમદ સાલેહ | પીરોજપુરા |
| ૫ | હબીબ હાજી કરીમમોહમદ બાલવા | ઉડલોલ |
| ૫ | હાજી દાઉદ જાનમહમદ ઝઘરાળ | ચુડી |
| ૫ | હાજી નુરમહમદ જાનમહમદ ઝઘરાળ | ,, |
| ૫ | હાજી રાજમહમદ વલ્લી કરડીયા | શેદ્રાણા |
| ૫ | હાજી દાઉદ નુરમહમંદ પટેલ | ,, |
| ૫ | નુરમહમદ જમાલ મરેડીયા | ચાટાવાડા |
| ૫ | સુલેમાન તાજુ સુણસરા | મેતા |
| ૫ | હાજી ફતેમહમદ હાજી જાનમહમદ સાજી | ભાગોળ |
| ૫ | હાજી નુરમહમદ જલાલ બાલસાણીયા | પીરોજપુરા |
| ૫ | હાજી જાનમહમદ અલીમહમદ મોણસીયા | ચડોતર |
| ૫ | હા. મીયાજી હા. યુસુફ ચોધરી | મેતા |

# અર્પણ

હાજી જમાલુદ્દીન નુરમોહંમદ સાલેહ સાહેબ,

ગામ પીરોજપુરવાલા.

આપે આપણા હ. પીર મશાયખ રહે. ના લખેલા દીવાન ની તેર ફસલો ગામે ગામ ફરી ભેગી કરવામાં મુખ્ય ભાગ લીધો છે, આપની કોશીશના સબબથી આપણી મોમીન કોમ પાસે પુરેપુરૂં દીવાને મશાયખ મૌજુદ છે આપના હાથની લખેલી તેર ફસલો મોજુદ હોવાથી અમો આ કિતાબ પણ અલ્લાતઆલાની મહેરબાનીથી છપાવી બહોળા પ્રમાણમાં પ્રગટ કરી શકયા છીએ આપની એ દીની નિખાલસ સેવાથી આકર્ષીત આ કીતાબ સાથે આપનું જોડી ખુદાએ તઆલાથી દુઆ કરીએ છીએ કે સરવે મોમિન ભાઈઓને હ, પીર મસાયખ રહે. ની લખેલી કિતાઓ પ્રમાણે અમલ કરવાની નેક તોફીક હાંસિલ થાય, આમીન.

લી૦

અબ્દુલગની હાજી નસીરૂદ્દીન

ચારોલીઆ.

بسم الله الرحمن الرحيم

# દીવાને મશાયખ ફસલ તેરવીં

# ઈબાદત ભાગ-૨ જો

—: ૨૨૦૧ — ૧ :—

અરે સુન રે ઇમાની, કર નેહસુ [૧] સલાતા;<br>
અરે સુન રે ઇમાની, ભી દેની રે ઝકાતા. ૧

મન ઝકાત દેનેકી, સહી કર રે બાતા;<br>
હે ઝકાત કેરા, જો હુકમ લખાતા. ૨

સુનો ઝકાત દેની, જો હે રે કહી;<br>
એભી ઇમાનકે [૨] પાઇયુંથી, બુઝ રે સહી. ૩

---

[૧] નમાઝ [૨] પાયો, મુળ.

સુનો પૅલી બુઝની, સહી કરની નમાઝા;
ભી ઝકાત રે દેની, એભી સોણીયા એ અવાઝા. ૪

અને કલમા કૅના, [1]ધોરથી પૅલા;
એ હુકમસુ ચલના, પંથ હોવે રે [2]સોહેલા. ૫

અને રોઝે ધરને, ફરજ કેરે;
અને હજ ભી કરની, એ બુઝીયો સવેરે. ૬

એ સુન રે નિશાની, સબ ઇમાન કેરી,
એ સુન સહી કર, મન દેને સવેરી. ૭

સુનો નમાઝ પીછે, લખાયા બયાના;
સો ઝકાતકા દેના, લખીયા જાના. ૮

રે તું હી

સુને બના નાહી દીનકુ, પાવે ગાફિલ સુન રે,
પાવે ગાફિલ સુન;
સુનનેકુ જાગે નાહી, [3]કબાત રાખી મન રે,
કબાત રાખી મન.

—★—

—: ૨૨૦૨ — ૨ :—

સરૂદ

મન ધર બાત એ સુન ઇમાની રે;
એતી હે ઈમાન કેરી નિશાની રે. ૧
ખાતિમ નબીકા કલમા કહીયે રે;
ધોરથી પૅલા એ મન માહે લહીયે રે. ૨
જીભે કહો. ત્યું મન માહે રાખો રે;
અલ્લા એક નબી ભી દાખો રે. ૩
નાહી કોઈ [4]પુજન [5]ઠામા રે;
[6]મગર અલ્લાહ હે બુઝો નામા રે. ૪

૧ શરૂઆતથી, પહેલાથી. ૨ આસાન. ૩ કપટ, બુરાઇ. ૪ ઈબાદત.
૫ લાંયક. ૬ પણ.

મહંમદ ઉસકે રસુલ જાનો રે;
અનુ બાજ નબી નાહી કોઇ માનો રે. ૫
દિલ માહે સમજને રાખો એ રીતા રે;
જીભે [2]આખો જું કલમા સોણીતા રે. ૬
એ [3]બુઝ ઇમાની કરની સલાતા રે;
નમાઝ કર દેની ઝકાતા રે. ૭
ઝકાત મૅલ હે માલ કેરા રે;
ધોઇએ માલકુ બેગે સવેરા રે. ૮
ધોતે જું કપડેકા મૅલ જાવે રે;
માલ યું ઝકાત દીયે દેખાવે રે. ૯
ધો ધો પાક હે કરના માલા રે;
ઝકાત દેનેકા ઍસા હાલા રે. ૧૦

—★—

—: ૨૨૦૩ — ૩ :—

ચાલ.

ઇમાનકી બાતી, સુનને ઇમાની;
મન ધર ઇમાનીકી, બુઝો રે નિશાંની,
ઇમાનકી નિશાનીયાં, સુન સુન સહી લીજીયે;
[4]ઇમાનસુ મુમન સહી, એ બાત ચંતમાં દીજીયે,
કલમા તો કેના ઘોર પેલા, સુન મુમન બાત રે;
કલમા કહે જે આદમી, હોવે વે મુમન જાત રે. ૧

ફરઝંદુ આદમકે, જગ હે ભરીયા,
કલમેથી મુમન, નામ કરીયા;
કલમા કહેથી મુમના, હોવે એ ધર મન બાત રે,
કલમા જનુ ના આખીયા, નાહી વે મુમન જાત રે;

[2] પઢો. [3] સમજવું. [4] ઇમાનથી.

કલમા કહો ખાતિમકા, રસુલ જે આખર નબી,
મહંમદ જીનકા નામ હે, સુલતાન નબીયુંકે સબી. ૨

કલમા પઢ કર, કરની નમાઝા,
સુનને ઈમાની, એ હુકમ અવાઝા;
કલમા તો કહો મુમના, કરની હે નત સલાત રે,
હુકમ સહી સબ માનતે, ઈમાન હોવે જાત રે;
નત નત ચંતા દીનકી, કરે ઈમાની બાત રે,
આખોને કલમા નેહેસુ, કરની ભી હે સલાત રે. ૩

ઝકાત ભી દેની, સુનને ઈમાની,
એ ભી ઈમાનથી, બુઝને નિશાની;
ઝકાત દેની માલ કેરી, પાક કરના માલ રે,
મૅલ નીકાલો માલકા, મુમનકા એ ચાલ રે;
માલ ઝકાત કાઢે મુમન, પાક કરને રાખીયે,
કપડે જો હો ધોતે સહી, ના માલ મેલા ચાખીયે. ૪

ઝકાત કેરી, હે બુઝની રીતા,
જિસ જિસ [1]ભાતે, હુકમ હે દીતા;
નેહેસુ ઈમાની બુઝની, ઝકાતકી જે ભાત રે,
ઝકાત દેને પાક કરની, જેતી માલ જાત રે;
નત સુન મુમન નેહસુ, ચાવે એ દીનકે બૅન રે,
હોકમ [2]સીસ ધર ચલના, સહી કર મનકે મૅન રે. ૫

દીન પર અપના, તન હે વારના,
તો માલકો લોભ, કેસા મન લે આના;
દીન પર વારો તન સારા, એસા કરના નેહ રે,
જન્નત પાઈયે દીનથી, [3]અમર હોસી [4]દેહ રે;
સુન સુન ખુબી દીનકી, વારો જે અપની જાત રે,
તો લોભ કેસા માલકા, ભાવે દેની ઝકાત રે. ૬

★

૧ રીતે. ૨ માંથે ચઢાવી. ૩ હંમેશા. ૪ શરીર.

—:૨૨૦૪—૪:—

સુનો ઝકાત વાજીબ, હોવે ઉસકે તંના;
સો હકીકત સઘળી, સુન રાખો રે મંના. ૧

કે બાલીગ હુવડી, હોવે જીસકી જાતી;
ઐસે ઝકાત વાજીબ, હે હોતી રે લખાતી. ૨

અકકલ ચાહીયે, હોવે દીવાના રે નાહાં;
એ ભી શરત હે વાજીબ, હોનેકે માહાં. ૩

ભી શરત હે ચાહીયે, મુમનકી જાતી;
નાહી ઔરકુ વાજીબ, હોતી ઝકાત સોણાતી. ૪

ભી [1]અસીલ ચાહીયે, ના હોવે રે ગુલામા;
સુનો વાજીબ ઝકાત, નાહી ગુલામકે નામા. ૫

અને [2]મતા વૅ હોવે, [3]નેસાબુ કેરી;
વે આધે લખાવે, સુન બુઝીયો સવેરી. ૬

અને બરસ એક, ગયે રે [4]બાજા;
હોવે ઝકાત વાજીબ, સુણીયા અવાજા. ૭

પણ મતા જે નેસાબ, જેતી રે લખાઈ;
વૅ કરજસુ [5]અદકી, હોવે રે ખતાઇ. ૮

વૅ કરજસુ અદકી, હોવે બુઝીયો સવેરી;
* * * * * ૯

ભી [6]હાજત અસલી, થી અદકી દેખાવે;
જે નેસાબ જેતી, મતા રે કેલાવે. ૧૦

કે ઑસકી હાજતકુ, જે હે રે ચાતા;
હોવે ઑસથી અદકા, માલ રે સોણાતા. ૧૧

જું અસકે પાસ, હોવે રે અનાજા;
પણ વૅ હોવે અસકે, ખાનેકે કાજા. ૧૨

૧ આઝાદ. ૨ માલ. ૩ એટલો માલ જેના પર ઝકાત વાજિબ થાય છે.
૪ પછી ૫ વધારે. ૬ જરૂરત.

ભી જુું પેનને કાજ, હોવે કપડા તંના;
કે વેપારકી નિય્યત, ના હોવે રે મંના. ૧૩

ભી ૧રખત જે હોવે, ઘરકે માંહાં;
પણ વેપાર કેરી, હોવે નિય્યત રે નાંહાં. ૧૪

ભી અસવારી કેરે, જે જનાવર જાનો;
સો અસવારી કાજે, હોવે રે પિછાનો. ૧૫

ભી હોવે રે ૨બાંદીઓ, કે હોવે રે ગુલામા
પણ એ ભી હોવે, સબ કાજ રે કામા. ૧૬

ભી બખતર હથિયાર, હોવે કમર બંધાને;
હોવે તનકે કામસુ, ના અદકે જાને. ૧૭

ભી ૩આલા જે લોહે, હોવે કારીગરી કેરા;
કે જનથી ૪કસબ, હોવે કરતા સવેરા. ૧૮

ભી પડને કાજે, હોવે રે કિતાબા;
ઇસ રીતે ઓર ભી, સુન બુઝીયો સતાબા. ૧૯

કે જે કુછ હાજત, હોવે કાજ રે લહીયે;
નાહી ઉસમા ઝકાત, સુન એતના કહીએ, ૨૦

રે તું હી

ગાફિલ કયું તુ સો રહીયા, ખોલને બેગે નૈન રે,
ખોલને બેગે નૈન;

જો ભસત કેરા ચાવ હે, સુન એ નેહસુ બેન રે;
સુન એ નેહસુ બેન.

—★—

—: ૨૨૦૫ — ૫ :—

હોવે વાજીબ ઝકાત, જો હોવે રે સોના;
ભી રૂપે માંહે વાજીબ, હોવે બુઝીયો મંના. ૧

૧ સર સામાન. ૨ લુંડીઓ. ૩ ઓજાર ૪ ધંધો, કામ.

કે રૂપેકી ને સોનેકી, જો હોવે રે જાતા;
એ દોનું માંહે વાજીબ, બુઝો હોતી હે ઝકાતા. ૨
ભી [1] ચોપગુમાં ઝકાત, હોવે વાજીબ રે જાનો;
સો ચોપગ ઢોરૂંકી, જાત રે પિછાનો. ૩
હુઇ વાજીબ ઝકાત, જે વેપારકા માલા;
કે જિસરે માલ સુ, કરો વેપારકા ચાલા. ૪
સુનો જીતની રે ભાતકી, કહી રે જાતા;
સુનો અસ માંહે વાજીબ, હોતી હે ઝકાતા. ૫
હોવે ધણીકે [2] કેદમાં, માલ વેપાર કેરા;
તો વાજીબ ઓસમાં, હોવે બુઝીયો સવેરા. ૬
જે માલ હો કેરી, યું દેખાવે જાતી;
જું લખને બુઝાઇ, સઘળી બાતી. ૭
અનુ માહે વાજીબ, હુઈ ઝકાત લખાતી;
જે માલ હો કેરી, હે જાત રે દેખાતી. ૮
પણ જો ના પૂરી, હોવે રે નેસાબા;
તો વાજીબ ના હોવે, એ બુઝીયો સતાબા. ૯
કે શીશ રે હોવે કરજ, કિસી રે કેરા;
નાહી ઓસ માહે વાજીબ, બુઝીયો સવેરા. ૧૦
કે જીતને પૈસે, કોઇ હોવે રે મંગાતા;
સુનો ઓસ માહે વાજીબ, નાહી હોતા રે ઝકાતા. ૧૧
કે જિતને રે દોકડેકા, કરજ દેના;
નાહી ઓસ માહે, વાજીબ સુનકર લેના. ૧૨
પણ જો કભી કરજ, હોવે રબ કેરા;
હોવે ઓસ માહે વાજીબ, બુઝીયો સવેરા. ૧૩
હોએ રબકી [3] નઝર, કુછ માલ રે કરાયા;
કે [4] કફારત કેરા, માલ હોવે રે દેખાયા. ૧૪

---

૧ જનાવર ૨ કબજામાં ૩ જે માલ અલ્લાહ તઆલાના નામ પર સદકો કરવા નકકી કરેલો હોય ૪ શરીઅત પ્રમાણે ગુનાહો અને ભુલોનો બદલો

કે ગુનાહ હો કેરી, હોવે કફારત દીતી;
કે રબકી નઝર, કુછ હોવે રે કીતી. ૧૫
કે ઝકાત કેરા જુઆ, કીયા હોએ માલા;
અને ઓસ પર ૧ગહીલા, હોએ એકરે સાલા. ૧૬
એ રબ કેરે કરજકી, જેતી કહી રે રીતા;
હોવે અસ માહે વાજીબ, હુકમ રે દીતા. ૧૭
જો નેસાબ જેતી, હોવે મતા રે દેખાવે;
કે નેસાબથી અદકી, નજરૂ આવે. ૧૮
તો વાજીબ ઝકાત, હુઇ સબકે માહા;
પણ કરજ જો આદમીકા, વાજીબ તો નાહા. ૧૯
એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી;
અને એક કર કહો, દન ઓર રાતી. ૨૦

રે તુંહી

સુન એ મુમન ગાફિલ, મત સો દીન ઓર રાત રે,
મત સો દીન ઓર રાત;
સુણતે ફરઝકુ બુઝસી, છુટક પાવે જાત રે,
છુટક પાવે જાત.

★

—: ૨૨૦૬ — ૬ :—

ભી માલ જે ધણીસુ, હોવે રે ૨છુપાના;
ભી ઝકાતકા વાજીબ, હોના ઓસમા ના જાના. ૧
જું માલ રે કિસીકા, હોવે રે ૩હંતાના;
કે દરીઆમા માલ, હોવે રે ૪ડુઆના. ૨
કે માલ હોવે ૫કનીને, છીન રે લીતા;
અને ગવાહી ઓસ પર, કો નાહી રે દેખીતા. ૩

૧ પુરું થયું. ૨-૩ છુપાએલો. ૪ ડુબેલો ૫ કોઇએ

કે કંઇ જંગલમાં હોવે, માલ રે [૧]ગડાયા;
અને ભુલ ગયેમાં, ના ઢુંઢા રે પાયા. ૪

યું જે ઉમ્મીદ ગહે બાજ, માલ આનેકા નાંહાં;
ના વાજીબ રે ઝકાત, હોવે અસ માલ માંહાં. ૫

સુનો માલ જે જાનેકી, લખી રે રીતા;
ના ઝકાત રે વાજીબ, હોવે અસમા સોણીતા. ૬

કભી એસા ગયા માલ, ફેર હાથ આવે;
કે બરસુ દો બરસુ, ગયા રે પાવે. ૭

તો [૨]બરસુ [૩]ગહેકી, ના દેની રે ઝકાતા;
યું વાજીબ ના હોનેકી, બુઝો રે બાતા. ૮

ભી કરઝ જો કસી પાસ, હોવે રે મંગાતા;
વે [૪]મોકર હે ગયા, નાહી કબુલ કરાતા. ૯

અને કિતને બરસ બાજ, વે કબુલા સહી;
કે ટોળેકે આગે, આવ બાત રે કહી. ૧૦

કે ફલાના મુજ પાસ, હે માંગતા એતા;
યું કિતને બરસુ, કીયા કબુલા સોણીતા. ૧૧

ભી અસ માહે ઝકાત, ના વાજીબ લખાઇ;
કે માગનારે શીશ, ના દેની રે આઈ. ૧૨

ભી ઝુલમસુ કનીને, માલ હોવે રે લીતા;
વે કિતને બરસુ, આવ પીછા રે દીતા. ૧૩

તો ભી અસ માહે વાજીબ, નાહી હોતી રે ઝકાતા;
એ છુપે રે માલકી, જેતી લખી રે જાતા. ૧૪

ભી વેપારકે કાજે, કુછ ખરીદ રે કીયા;
ભી વેપારકી નિય્યતસુ, હોવે રે લીયા. ૧૫

પીછે નિય્યત [૫]ખીજમત, કી ઓસ માહે કીતી;
તન કામકો રાખી, જે [૬]બસતથી લીતી. ૧૬

---

૧ દાટેલો. ૨–૩ ગએલા વરસો ૪ ઈનકાર કરવુ ૫ પોતાનાં વપરાસ માટે ૬ વસ્તું

ભી ઉસ માહે ઝકાત, નાહી વાજીબ રે આખી;
સો છુપે રે માલકી, રીત અસ માહે આખી. ૧૭
ફેર વેપારકી નિય્યત, કભી એસકુ કીતી;
તો ભી ઝકાત ના વાજીબ, હોવે રે સોણીતી. ૧૮
પણ પૈસે કીયે, વે બસત લે ૧બેકાઇ;
એસ ૨મુલમા તો ઝકાત, હુઈ વાજીબ સોણાઈ. ૧૯
એ સુનની હે બાતી, મન ધર કાના;
એ સુન સુન ઇતના, કહો દિલકી શાના. ૨૦

રે તુંહી

ફટ રે પાપી ગાફિલા, ખોલતા નાહી નૅન રે,
ખોલતા નાહી નૅન;
જો જન્નતકા ભાવ હે, સુનને એસે બૅન રે,
સુનને એસે બૅન. ૨૧

★

—: ૨૨૦૭—૭ :—

સુનો શરત ઝકાત, દેને હો કેરી;
સો ઝકાતકી નિય્યત કર, દેને રે સવેરી. ૧
કે ઝકાતકી નિય્યત કર, માલ જુદા રે કરાના;
તો ઝકાતકે લેખેમા, વે માલ રે લખાના. ૨
કભી કિતના માલ લે, કની ફકીરૂંકુ દીયા;
કે માલ લે બોત, ખેરાત રે કીયા. ૩
પણ ઝકાતકી નિય્યત, કીતી નાંહાં;
સો ફકીરૂંકૂં ખેરાત, દેનેકે માંહાં. ૪
ભી જુદા માલ કરતે, ના નિય્યત કરાઇ;
કે ઝકાતકી ચંતા, ના મન રે લાઈ. ૫

૧ વેચી નાખી ૨ કીંમત

કે ફકીરૂં દેને કાજ, માલ જુઆ જબ કીતા;
સો ફકીરૂં દેને કાજ, કીયા અલગા સોણીતા. ૬

ઉસ વખતમા નિય્યત ના, કીતી રે ઝકાતા;
ભી ફકીરૂંકુ દેતે, ના નિય્યત કરાતા. ૭

તો ઝકાત દેની, ૧ના ૨લેખે રે આઈ;
રહી ઝકાત રે બાકી, સબ માલકી સોણાઇ. ૮

અને કભી જો માલ, સબ ફકીરૂંકુ દીયા;
સો ઝકાતકી નિય્યત ૩બન, ૪તસર્રૂફ કીયા. ૯

તો ઝકાત ઉતરી, ઓસથી આખી;
જો માલ સબ દીયા, કુછ મતા ના રાખી. ૧૦

એ મન ધર સુચના, બેગેરે ઇમાની;
અને સુન સુન નસ દિન, એ ચંતા મન લે આની. ૧૧

રે તુંહી

મત સો ગાફિલ જાગકર, સુન એ દીનકી બાત રે,
સુન એ દીનકી બાત;
સુન સુન હુકમ માનના, જન્નત પાસી જાત રે,
જન્નત પાસી જાત. ૧૨

★

—: ૨૨૦૮—૮ :—

બયાન.

અરે ૫ચોપગુકી ઝકાતકા, સુનો રે બયાના;
જું જુદી જુદી રીતકા, હે રે લખાના. ૧

જે જંગલમાં ચોપગ, હે ચરને જાતે;
સો બરસુ અદકા, હેં ચારા રે ખાતે. ૨

૧–૨ કબુલ નહી થઇ, ૩ વગર ૪ આપી દીધો ૫ જનાવર,
જે જનાવરો વરસના ઘણા ખરા દીવસો જંગલમાં (વગડામાં) ચરવા જાય છે અને
ઘણું કરી ચરીને રહે છે.

સુનો અનુ માહે વાજીબ, હે હોતી રે ઝકાતા;
સો જુદી જુદી રીતે, જું જુદી જુદી જાતા. ૩

સુનો પાંચ ઉંટુ મલ, હોતી હે નેસાબા;
તબ ઝકાતકી રીત, હુઈ બુઝીયો સતાબા. ૪

અને પાચ ઉંટ હોતે, એક બકરી હે દેની;
યું પાંચ પાંચ ઉંટુ, બકરી સમજ ને લેની. ૫

સો જબ તક પચીસ, તક હોવે ઉંટુંકી જાતી;
તો પાંચુ પાંચુ બકરી, હે દેની રે સોણાતી. ૬

હુએ પચીસ ઉંટ, તબ નેસાબા કલાઈ;
તબ ઝકાત દેની, અસ રીત લખાઇ. ૭

એ ઇમાની મન ધર, સુન રે બાતી;
અને એક કર કેના, દીન ઓર રાતી. ૮

રે તુંહી

દીનકી હકીકત સુને બના, પાવે નાહી [1]ગવાર રે;
પાવે નાહી ગવાર;

જો સુને બના દીનકુ પાવતા, તો જાનતા સબ સંસાર રે,
તો જાનતા સબ સંસાર. ૯

★

—: ૨૨૦૯—૯ :—

જબ પચીસ ઉંટુંકી, હુઇ રે નેસાબા;
તબ [2]બિનતે [3]મખાઝ, હુઆ વાજીબ સતાપા. ૧

સુનો બિનતે મખાઝ, બચ્ચા ઉંટ કેરા;
સો બરસ એકકા, બુઝીયો સવેરા. ૨

એક બરસકા ઉંટકા, જે બચ્ચા રે જાનો;
સુનો બિનતે મખાઝ, નામ ઓસેકા પિછાનો. ૩

૧ જાહીલ, અભણ. ૨–૩ ઉંટનુ બચ્ચુ જેને બીજું વરસ ચાલુ થયું હોય,

જબ છતીસ ઉંટ, હુએ રે સહી;
તબ દેનેકી હકીકત, એસી રે કહી. ૪

તબ [૧]બિનતે [૨]લબુન, ઝકાતમાં દીજે;
એ ભી બચ્ચા ઉંટકા, સમજને લીજે. ૫

જે દો બરસુંકે બચ્ચે, જે ઉંટકે દેખાવે;
વે બિનતે લબુન, નામ રે કેલાવે. ૬

જબ છ ને ચાલીસ, હુઇ ઉંટુંકી જાતી;
તબ ઝકાતકી હકીકત, એસી રે લખાતી. ૭

તબ [૩]હિકા એક દીજે, ઝકાતકે માહાં;
વે તીન રે બરસ સુ, હોવે નંના રે નાહાં. ૮

તીન બરસકા બચ્ચા, ઉંટકા કહીયે;
સો છેતાલીસ ઉંટુમા, દેના રે લહીયે. ૯

અને એકને સાઠ, જબ ઉંટ રે ગણાવે;
તબ [૪]જઝઆ ઝકાતમા, હે રે દલાવે. ૧૦

એ ભી બચ્ચા ઉંટકા, હોવે એસે રે હાલા;
કે જિસ પર ગયે, હોયે ચાર રે સાલા. ૧૧

હુઇ છ ને સીત્તેર, જબ ઉંટકી નેસાબા;
તબ બિનતે લબુન, દો દેને રે સતાબા. ૧૨

વે દો દો બરસકે, બચ્ચે દો દેને;
સો ઉંટકે બચ્ચે, સમજને લેને. ૧૩

અને એકાણું ઉંટ, જબ હિસાબમા આવે;
કે એક ને નેવુ, જબ લેખે રે લખાવે. ૧૪

તબ હિકકે દો ઝકાતકે, માંહે રે દીજે;
એ હકીકત સુન સુન, સહી કર લીજે. ૧૫

---

૧–૨ ઉંટનું બચ્ચુ જેને ત્રીજુ વરસ ચાલુ થયું હોય. ૩ ઉંટનુ બચ્ચું જેને ચોથુ વરસ ચાલું થયું હોય. ૪ ઉંટનુ બચ્ચુ જેને પાંચમું વરસ ચાલુ થયું હોય

વે તીન તીન બરસકે, દો બચ્ચે રે કેલાયે;
વે [1]સો ઉંટકે બચ્ચે, લેખે માહે આયે. ૧૬

સો એકસો ને બીસ તક, એ દેને એ સહી;
સો હિકકે દો દેને, બાત સુન કર લહી. ૧૭

પિછે પાંચ પાંચ ઉંટ પર, એક દેની રે [2]સાંતા;
સાંતા બકરીકા નામ, હે રે કેલાતા. ૧૮

કે એકસો ને બીસ બાજ, બકરી દેની;
સો પાંચ પાંચ ઉંટ પર, બાત સમજ એ લેની. ૧૯

રે તુંહી

ખોલ નેના સુન ગાફિલા, મત સો દીન ઓર રાત રે,
મત સો દીન ઓર રાત;

જો તુજે ભસતકા ચાવ હે, મન ધર સુન એ બાત રે,
મન ધર સુન એ બાત. ૨૦

—✶—

—: ૨૨૧૦—૧૦ :—

સો એકસો ને ચાલીસ, પાંચ સુધી રે જાનો;
કે પાંચુ પાંચુ ઉંટ પર, દેની બકરી પિછાનો. ૧
અને એકસો ને ચાલીસ, જબ પાંચ રે ગહે;
કે ઉંટ જબ એતે, પુરે લેખેમા આયે. ૨

તબ હિકકે દો દેને, એક બિનતે મખાઝ;
એ સુન સબકુ ઇતિના, દેના સુણા રે અવાજ. ૩

તીન બરસકા બચ્ચા, હે હિકા રે કેલાતા;
એક બરસકા બચ્ચા, બિનતે મખાઝ લખાતા. ૪

અને જબ હોવે ડેડસો, ઉંટ રે પુરે;
હોવે ગણતે પુરે, ના દીસે રે અધુરે. ૫

---

૧ એટલે ૨ બકરી. એકસો પિસતાલીસ ઉંટ સુધી.

તબ હિકકે તીન, હે દેને રે સહી;
એ નેસાબકી હકીકત, એ સુનકર લહી. ૬

ભી તબ પીછે પાંચ પાંચ, એક દેની રે સાંતા;
સો પાંચ પાંચ ઉંટ પર, બુઝો રે બાતા. ૭

અને એકસો ને પાંચ, જબ હુએ રે સિતેરા;
કે એકસો પંચોતેર, હુએ ગણતે [૧]શુંતુરા. ૮

તબ હિકકે તીન દીજે, એક બિનતે મખાઝા;
તબ ઇતના દેનેકા, સોણા રે અવાજા. ૯

જબ એકસો ને એંસી, છ હુએ રે કહીયે;
કે એકસો છિયાસી, જબ ઉંટ રે લહીયે. ૧૦

તબ હિકકે તીન, દેને રે સહી;
એક બિનતે લબુન, બાત રે કહી. ૧૧

એક બિનતે લબુન, તીન હિકકે દીજે;
સો એકસો છિયાસી, પર સમજને લીજે. ૧૨

હોવે એકસો ને છન્નુ, જબ ઉંટકી જાતી;
ચાર હિકકે દેને, તબ સુણ રે બાતી. ૧૩

સો દોસો [૨]તાંઈ, યું બુઝો રે રીતા;
જું હિકકે ચારકા, હુકમ રે દીતા. ૧૪

હબે દોસો ઉપર, જે હિસબ રે કરના;
સો એકસો પચાસ પર, થા વેસા મન ધરના. ૧૫

અને પચાસે પચાસે, એક હિકકા રે [૩]બધાના;
વે લેખે કેરા, એ સુનો રે બયાના. ૧૬

કે દોસો પર પાંચુ પાંચુ, દેની રે સાંતા;
સો પચીસ [૪]તઈ, એ હે લેખા રે ગણાતા. ૧૭

હોવે પચીસ તો બિનતે, મખાઝ રે દેના;
એ સવા દોસો પર, સમજ ને લેના. ૧૮

૧ ઉંટ ૨ સુધી ૩ વધારવુ ૪ સુધી

અને છતીસકુ બિનતે, લબુન રે દીજે;
અને ૧છેતાલીસુ હિકા, ભી અદકા કીજે. ૧૯

સો પચાસ તક, એક હિકા રે બધાના;
તો અઢીસો ઉપર, પાંચ હુએ રે જાના. ૨૦

ફેર પાંચ પાંચ ઉંટુ પર, એક બકરી દેની;
* * * * * ૨૧

ભી બિનતે મખાઝ, તબ દેના રે સહી;
સો દોસો પંચોતેર, પર બાત એ લહી. ૨૨

ભી દોસો એંસી જબ, હુએ રે દાખા;
તબ બિનતે લબુન, દેના રે આખા. ૨૩

ભી દોસો છન્નુ પર, એક હિકકા બધાના;
હુએ તીનસો સુધી, છ હિકકા જાના. ૨૪

એક બુખતી ઉંટકી, હે રે જાતી;
ભી એરાબી જાત, હે દુજી રે કેલાતી. ૨૫

હુઆ બોખતીકા હિસાબ, એરાબી જેસા;
બુઝો બુખતીકા લેખા, જેસી એરાબીકા વેસા. ૨૬

યું હઝારો સુધી, કરો રે હિસાબા;
એ સુન સુન ઇતના, કેના રે સિતાબા. ૨૭

રે તુંહી

એસે બેન જો ગાફિલા, સુને ના તેરે કાન રે,
સુને ના તેરે કાન;

તો ફોકટ જીવના તેરડા, જો રેવે નાદાન રે,
જો રેવે નાદાન. ૨૮

૧ છેતાલીસથી.

—: ૨૨૧૧ —૧૧:—

સુનો તીસ રે ગાયાં, હોતી હે નેસાબા;
કે ગાયાં તીસ હોતે, દેની ઝકાત સતાબા. ૧
સુનો ગાયાં તીસ પર, એક [૧]તબીયા દેના;
એક બરસકા ગાયકા, બચ્ચા સુન કર લેના. ૨
પછે બચ્ચા હોવે માદા, કે હોવે રે [૨]નરીના;
એક બરસકા બચ્ચા, તીસ ગાયાં પર દેના. ૩
અને ચાલીસ ગાયાંકી, જબ હોવે રે જાતી;
તબ [૩]મોસના દેના, એ સુનો રે બાતી. ૪
વે ભી બચ્ચા બુઝો, ગાય કેરા;
દો બરસકા હોવે, યું બુઝીયો સવેરા. ૫
પછે હોવે વે માદા, કે હોવે રે નરીના;
સુનો દેનેકા મોસના, નામ રે કીના. ૬
વે ચાલીસ ગાયાં પર, હે રે દેના;
જે મોસના નામ, સુન કર લેના. ૭
હોવે ચાલીસ કે ઉપર, ગાયાં એ દેખાતી;
સો સાઠ તક ગણુતે, જેતી લેખે હે આતી. ૮
પછે જીતની ચાલીસ પર, ગાયાં વધતી જાવે;
એતા [૪]મલકા લેખા કર, દેના રે લખાવે. ૯
જો તબીએકે મળકા, લેખા રે ચાહો;
તો તબીએકે મલકે, તીસ ભાગ રે કરાહો. ૧૦
અને લેખા જો ચાહો, મોસને કેરા;
તો ચાલીસ ભાગુ, મલ [૫]બાટો વે સવેરા. ૧૧
યું મોસના ને તબીએ, માં એક રે ચાના;
જે ગમે તસ મુલકા, લેખા ભાગ રે પડાના. ૧૨

---

૧ ગાયનુ એક વરસનુ વાછરડુ ૨ નર ૩ ગાયનું બે વરસનુ વાછરડુ ૪ કીંમત
૫ ભાગ પાડવા

પછે એક રે ગાયકા, એક ભાગ વે લગાના;
એક ગાયકી ઝકાત, એક ભાગ વે દલાના. ૧૩
કે ચાલીસકે ઉપર, જેતી [1]બધતી જાવે;
સો સાઠ સુધી ગાયાં, જેતી લેખે રે આવે. ૧૪
સુનો ઉનુકી ઝકાત, દેની એસી રે રીતા;
જું મલકે ભાગુંકા, હુકમ રે દીતા. ૧૫
જબ પુરી રે હોવે સાઠ, ગાયુંકી જાતી;
તબ તબીએ દો દેને, એ સુનો રે બાતી. ૧૬
અને સિત્તેર ગાયાંકી, જબ હુઇ રે નેસાબા;
તબ મોસના ને તબીઆ, દેના રે સતાબા. ૧૭
એક મોસના ને તબીઆ, એક દો રે દીજે;
* * * * * ૧૮
અને એંસી જબ હોવે, ગાયાં રે આખા;
તબ મોસના દો દેને, હે રે દાખા. ૧૯
એ એંસી રે સુધીકા, એસા રે હિસાબા;
જું લખા ત્યું બુઝના, હે રે સતાબા. ૨૦
અરે સુન રે ઇમાની, બાત ઝકાત કેરી;
એ સુન સુન સહી કર, બુઝીયો સવેરી. ૨૧

## રે તુંહી

ગાફિલ મત સો જાગ કર, સુનની દીનકી બાત રે,
સુનની દીનકી બાત;
દીન કાજે તુજે [2]સરજીયા, ના કીતી [3]અમથી જાત રે,
ના કીતી અમથી જાત. ૨૨

---

૧ વધતી ૨ પેદા કર્યો ૩ નકામી, ફોકમાં

—: ૨૨૧૨—૧૨ :—

સુનો એંસી હોવે જબ તક, ગાયાંકી જાતી;
સબ તબ તક ઝકાતકી, લખી દેનેકી બાતી. ૧
હબે એંસી સું ઉપર, જબ હોવે રે હિસાબા;
બેગે ઉંસકી ઝકાતકા, ભેદ બુઝો રે સતાબા. ૨
હબે દસકા દસકા, જું વધતા જાવે;
તબ મોસનેસુ તબીઆ, બદલા સોણાવે. ૩
તબ તબીએસુ મોસના, હે બદલા જાતા;
યું દેનેકા પલટા, દસુ દસુ હે દેખાતા. ૪
જબ એંસી પર વધે દસ, નેઉ લેખેમાએ આએ;
તબ તબીએ તીન, દેને રે સોણાયે. ૫
પેલા તીસ પર તબીઆ, એક દેના થા આખા;
તીન તીસુ તબીએ, તીન દેના રે દાખા. ૬
ભી દો દસકા ઉસ પર, એક અદકા બધાવે;
કે ગાયાંકા ટોળા, [1]સો લેખે માહે આવે. ૭
તો ચાલીસકા મોસના, એક દેના રે સહી;
અને સાઠકે દો તબીએ, દેને બાત રે લહી. ૮
જબ એકસો દસ, હોવે ગાયાંકી જાતા;
તબ લેખા કર દેની, અસ રીતે રે ઝકાતા. ૯
કે એંસીકે દો મુસને, દેને રે જાનો;
કે એંસીકે દો ચાલીસે, ભાગ રે પછાનો. ૧૦
અને તીસકા તબીઆ, એક દેના રે આખા;
તો દો હુએ મોસને, એક તબીઆ દાખા. ૧૧
અને એકસો વીસકા, જબ હિસાબ દેખાતા;
તબ મોસને તીન, હે દેને રે લખાતા. ૧૨

૧ એકસો

કે ચાલીસ ચાલીસકે, હુએ ભાગ રે તીના;
તો મોસને તીન દેને, સુન કર લેના. ૧૩

યું દસ દસ મોસનેકા, તબીઆ ફેરાવે;
અને તબીએકા મોસના, લેખે રે આવે. ૧૪

જું એંસી પર તબીએ, દો થે દલાયે;
અને નેવું પર તબીએ, તીન દેને રે લખાયે. ૧૫

યું મોસનુ કે તબીએ, બદલા કરાયે;
કે મોસને ખસા કર, તબીએ દલાયે. ૧૬

જબ નેવું પર દસકા, અદકા કીતા;
એક તબીઆ ખસા કર, એક મોસના દીતા. ૧૭
યું દસકા બધતે, દોનુ ×પલટા જાવે;
કે એકકુ ખસા કર, દુજેકુ લે આવે. ૧૮
હબે ¹ઉકેલા બુઝો, એ ²ગુંચન કેરા;
એ સુનતે ³સોહેલા, હોવે રે સવેરા. ૧૯
કે તીસ પર તબીઆ, દેના સહી;
અને ચાલીસકુ મુસના, ખબર રે કહી. ૨૦
યું દસકે દસકે, લેખા રે કીજે;
પછે તબીઆને મોસના, જું આવે ત્યું દીજે. ૨૧
જું ભેદ રે બતાયા, લેખે રે બયાના;
ઓસ રીતે દેના, ભાગુ રે જાના. ૨૨
સુનો ગાયાંકી ઝકાતકા, જું હિસાબ રે કીતા,
ત્યું ભેંસુકી ઝકાતકા, હે હોકમ રે દીતા. ૨૩

રે તુંહી

દરીયા દીન ના પાયેસી, સુને બના સુન બાત રે,
સુને બના સુન બાત;
સુનને જાગકર ગાફિલ, મત સો દીન ઓર રાત રે,
મત સો દીન ઓર રાત. ૨૪

૧ ખુલાસો ૨ ગુચવણ ૩ આસાન × બદલવુ

—: ૨૨૧૩—૧૩ :—

(બયાન)

સુનો જબ તો હોવે, ચાલીસ રે સાંતા;
સુનો બકરીકા નામ, હે સાંતા રે લખાતા. ૧

તબ બકરી એક, દેની રે ઝકાતા;
હુઇ નિસાબ મલીયા, જબ ચાલીસ સાંતા. ૨

અને એક સો ને એક, અને બીસ રે ગણાવે;
કે એકસો એકીસ, ગણતે રે દેખાવે. ૩

તબ દો હેં બકરીયાં, દેની રે ઝકાતા;
એ નેહસુ મન ધર, સુનોરે બાતા. ૪

અને દોસો એક, જબ હુઇ રે સાંતા;
તબ બકરીયાં તીન, દેઓ રે ઝકાતા. ૫

અને જબ હુઈ બકરી, સો ચાર× રે ગણાઈ;
તબ બકરીયાં ચાર, દેની રે સોણાઇ. ૬

પછે સો સો બકરીયું, એક બધાની [૧] સાંતા;
યું હઝાર તાઇ, હે હિસાબ લેખાતા. ૭

બુઓ જેસી બકરી, વેસા ઓસકા નરીના;
એ દોનુકા હિસાબ, એક રીત ફીના. ૮

ફેર બરસકી બકરી, લેની ઝકાતકે માહાં;
બોત બરસુકી બકરી, લેની રે નાહાં. ૯

પછે લેની માદા, કે લેના રે નરીના;
એ દોનુકા લેખા, એક રીત હે ફીના. ૧૦

એ સુન સુન બાતી, પાક કરની હે જાતી;
અને એક કર કહો, દિન ઓર રાતી. ૧૧

× ચારસો. ૧ વધારવી.

રે તુંહી
હુકમ સબી[1] જબ માનસી, મુમન હોવે ખાસ રે,
મુમન હોવે ખાસ;
ગાફિલ મત સો જાગ કર, બેગે સુન હો દાસ રે,
બેગે સુન હો દાસ. ૧૨

★

—: ૨૨૧૪—૧૪ :—

જાનો ચોપગુ માંહે, થી દેની રે ઝકાતા;
વે બેન સબ લિખકર, બુઆઈ બાતા. ૧
હબે જાનો રે ચોપગુ, મા ઝકાતરે નાહાં;
વે ભેદ હે લખાતા, બુઝો મન માહાં. ૨
નાહી ઘોડુંકે ટોલુમા, વાજીબ ઝકાતા;
ભી ખચરમાં નાહી, વાજીબ સોણાતા. ૩
કે ખરૂકે[3] ટોળેમાં, નાહી ઝકાત રે દેની;
કે વાજીબ નાહી, એ સુન કર લેની. ૪
ભી ગધુંકે ટોળેમાં; નાહી ઝકાત રે દેની;
કે ગધું માંહે વાજીબ, નાહી સુન કર લેની. ૫
ભી બચ્ચે હોવે, બકરીયું કેરે;
નાહી ઓસમા વાજીબ, બુઝીયો સવેરે. ૬
ભી ઉંટુકે બચુંમાં, નાહી વાજીબ રે ઝકાતા;
બચ્ચે ઉંટકી ઝકાત, નાહી દેના રે લખાતા. ૭
ભી બુઝો રે બચ્ચે, જે ગાયાં કેરે;
નાહી ઓનુ માહે વાજીબ, બુઝીયો સવેરે. ૮
કે ગાયાંકે બચુમા, ના ઝકાત રે દેની;
એ હકીકત સુન સુન, સહી કર લેની. ૯

---

૧ બધા ૩. ગધેડા **નોટ:**–ઘોડાઓ ખચ્ચરો અને ગધેડાઓ પર ઝકાત વાજીબ ન હોવાની શર્ત એ છે કે તેઓ વેપાર માટે ન હોય. નહિ તો તેઓ પર વેપાર ના માલ પ્રમાણે ઝકાત આપવી પડશે.

એ સુનને ઇમાની, મત ધર બેના;
અને એક કર રબકુ, નત એતના કેના. ૧૦

રે તુહી

મત સો મુરખ ગાફિલા, નસ દિન સુનને જાગ રે,
નસ દિન સુનને જાગ;
સુનતે હોવે મુમના, પુરે તેરે ભાગ રે,
પુરે તેરે ભાગ. ૧૧

—✱—

—: ૨૨૧૫ — ૧૫ :—

ભી જનાવર બાંધે,૧ જે ચાર હેં ખાતે;
કે જંગલમાં ચરને, નાહી રે જાતે. ૧
સુનો ઓનુમા ભી વાજીબ, ના હુઈ રે ઝકાતા;
કે ઓનુકી ઝકાત, ના દેની રે લખાતા. ૨
ભી જે જનાવરૂ સેતી, હે કામા રે કરાતે;
કે ખેતી હે કરતે, કે ભાર હે ઉચાતે૩. ૩
ના ઝકાત રે વાજીબ, હુઈ ઓનુકે માહાં;
કે ઓનકી ભી ઝકાત, દેની રે નાહાં. ૪
ભી જે નેસાબ ગણતે, જે માફ હે કીતા;
ના ઉસકી ઝકાત, દેની હુકમ રે દીતા. ૫
જું પચીસ રે ઉંટુ પર, હે ઝકાત રે લખાઈ;
અને પછે ભી છતીસ પર, દેની રે બતાઈ. ૬
એ બીચમાકે દસ ઉંટ, આયે માફ માહાં;
કે ઓનુકી ઝકાત, દેની રે નાહાં. ૭
કે જો પચીસકે ઉપર, દસ ઉંટરે ગણાવે;
નાહી ઝકાત અનુકી, એ માફ માહે આવે. ૮

૧ ઘરે બાંધેલા. ૩ઉપાડવા.

પણ જમ હોવે અગિયાર, છતીસ રે પુરે;
તબ ઝકાત રે દેની, ના જો હુવે રે અધુરે. ૯

અસ કીતે રે બુઝો, સબ નીસાબુકી રીતા;
જેતી નીસાબુ કેરા, લેખા રે કીતા. ૧૦

સો નેસાબા જનાવર, નાણા હો કેરી;
વે સબ એ રીતે, બુઝીયો સવેરી. ૧૧

જે દો નેસાબું બીચમા, હે માફ માહે આતા;
નાહી ઓસકી બુઝો, દેની રે ઝકાતા. ૧૨

ભી નેસાબ કો' હુવડી, વાજીબ રે જેતી;
કે ઝકાત દેની, હુઇ નેસાબ રે તેતી. ૧૩

કે એસી હુઇ નેસબ, હુઈ વાજીબ રે ઝકાતા;
કે ઝકાતકો દેના હુવા વાજીબ રે દેખાતા. ૧૪

ચું વાજીબ હુવે બાજ, વે નેસાબ રે ગહી;
સો લુટાનીકે[1] ખોહી,[3] ના હાથ રે રહી. ૧૫

કે મર ગહી જનાવરૂ, કેરી રે જાતી;
તો ભી ઝકાત વાજીબ, નાહી ઓસકી લખાતી. ૧૬

કે નેસાબ ગહેકી ના ઝકાત રે દેની;
એ હકીકત સુન સુન, સમજને લેની. ૧૭

પેલી વાજીબ ઝકાતકી, સબ લખી રે બાતી;
પછે લખાઈ જે ઝકાત, નાહી જિસકી લખાતી. ૧૮

એ ઇમાની સુન સુન, સમજને લીજે;
અને એક કર રબકુ, નત એતના કહીજે. ૧૯

રે તુહી.

ગાફિલ મત સો સુન સુન, ભર તુ દીનમા ડગ રે,
ભર તુ દીનમા ડગ;
જો સુને બના હોતે મુમના, તો હોતા સારા જગ રે,
તો હોતા સારા જગ. ૨૦

---

૧ લુટાઇ ગઇ. ૩ખોવાઇ ગઇ.

—:૨૨૧૬—૧૬:—

હુવા વાજીબ મુસના, કભી દેની રે ઝકાતા;
અને મોસના હાજર, ના હોવે રે દેખાતા. ૧

તો ઓસસુ અદકે, મલકા હે દેના;
અને વધતા માલ, માંગ પીછારે લેના. ૨

કે અદકે મલકા, ઝકાતમા દીજે;
અને વધતા મુલ, માંગ પીછે રે લીજે. ૩

અને અદકે મલકા, કભી વઁ હોવે રે નાહાં;
તો ઓછે મલકા, દીજે ઝકાત કે માહાં. ૪

અને બાકી ખોટકે પઇસે દીજે;
એ લેખા સુન સુન, મન ધર લીજે. ૫

ભી મલ હે દેના, ઓસ જનાવર કેરા;
જે ઝકાતમા વાજીબ, હુવડા સવેરા. ૬

સો બિચલે[1] વાંગેકા[3], જનાવર લીજે;
અને મલતો ઑસકા, ઝકાતમા દીજે. ૭

જો મોસના વાજીબ, લેખેમા આયા;
અને મલ દેના ઑસકા, મન રે લાયા. ૮

જે બિચલે વાંગેકા, હોએ મોસનેકી જાતી;
ના ખુબને ભુંડા, હોવે સુનો રે બાતી. ૯

એ બિચલે વાંગેકી, રીત રે દેખાવે;
મલ ઑસકા ઝકાતમા, દેના રે લખાવે. ૧૦

કભી ફાયદા બધતા[4], નેસાબસુ આયા;
વે નેસાબકી ઝકાત, હોવે રે દેખાયા. ૧૧

તો ઝકાતકે સાથ, વઁ ભી હે રે લગાતા;
કે ઝકાત દેના, હે ઑસમા લખાતા. ૧૨

---

૧–૩ વચગાળાનુ. ૪ વધતા.

અસ ગુચન કેરા, સુનો રે ઉકેલા;
કે સુનતે મારગ, કોઇ ના ભુલા. ૧૩

જું કિસી પાસ હોવે, દોસો દિરહમ[૧] જાતી;
સો બરસકે પૅલે, હોવે સુનો રે બાતી. ૧૪

અને સૌ એક હુજે, ઓસ સાલમા બધાયે;
કે અદકા ઑસ પાસ, સાલ બિચ[૩] રે આયે. ૧૫

હુઆ બરસકે છેટે, સૌ[૪] તીનકા[૬] હિસાબા;
તો તીનસો કી ઝકાત, દેની રે સતાબા. ૧૬

કે જો સૌ કુ બરસ, ના હુઆ થા તમામા;
કે સૌ વે થે બધે[૭] બિચ બરસકી ઠામા. ૧૭

સાલ પુરા રે હુએ બાજ, હુવે વાજીબ ઝકાતા;
સાલ બીચ રે બધી, સૌ દિરમુકી જાતા. ૧૮

પણ દોસૌ દિરમુકી, જે પેલી થી નેસાબા;
ઑસ પર બરસ, પુરા હુવા થા સેતાબા. ૧૯

અને એ સૌ દિરમથી, ઓનુ દિરમુકી જાતી;
ઓનુ સઘળી તો ઓનુ પર, હુઈ વાજીબ રે લખાતી. ૨૦

એ નેસાબ કે સાથે, સો લગાએ સહી;
દેની સબકી ઝકાત, હુઇ ખબર રે કહી. ૨૧

એ સુન સુન બાતી, સહી કર લીજે;
અને એક કર રબકુ, મન એતના દીજે. ૨૨

રે તુહી

મત સો મુરખ ગાફિલા, સુન એ દીનકે બૅન રે,
સુન એ દીનકે બૅન;
સુન જો ભસેતકા[૮] ચાવ હે, ખોલ ખોલ તેરે નૅન રે,
ખોલ ખોલ તેરે નૅન. ૨૩

---

૧ એક ચાંદીના સીકકાનુ નામ સાડા ત્રણ માશાનુ વજન. ૩ વચમા
૪–૬ ત્રણસો ૭ વધે ૮ જન્નત.

—:૨૨૧૭—૧૭:—

કભી બાગીયુંને[૧] ખેરાજ[૩] આવ, જોરાવરી લીતા;
જે ખેતીકા આધા ભાગ, વૅ ખેરાજ સોણીતા. ૧

કે ખેતી કેરા બખરા[૪], આવ બાગીયુંને લીયા;
કે ખેતીદારૂ ઉપર, લે જોર રે કીયા. ૨

કે બાગીયુંને અશર[૬], જોરાવરી લીતા;
વૅ દસમા ભાગ, ખેતીકા સોણીતા. ૩

કે એકહે જમીઆ[૭], ખેરાજ કેરી;
હે ઑસમાથી આધોઆધ, લેતે રે સવેરી. ૪

ભી અશરફી હોતી હે, એક રે જમીઆ;
હેં ઑસમાથી દસમા, ભાગ લેતે સોણીઆ. ૫

વૅ ભી જોરકર બાગીયુંને, અશર રે લીતા;
કે ખેતીદારૂ પાસથી, લીયા જોર રે સોણીતા. ૬

કે બાગીયુંને જોરકર, લીતી રે ઝકાતા;
રીત ખેરાજને ઓશરફી, લી સુનો રે બાતા. ૭

તો ના ખેતીદારૂ પાસથી, ફેર હાકિમુકુ લેના;
જે બાગીયુંને જોરસુ, લીયા ચંત રે દેના. ૮

જો નેસાબકા[૮] ખાવિંદ[૯], સાહેબ ઝકાતા;
દો બરસકી ઝકાત, દેની ઉતાવળી ચાતા. ૯

કે નેસાબુ બોતુકુ, સાથ દેની રે ચાવે;
તો રવા હે વૅ ઝકાત, સહી લેખે માંહે આવે, ૧૦

ઇમાની મન ધર, સુન એ બૅના;
અને એક કર રબકુ, નત એતના કૅના. ૧૧

---

૧ હાકિમથી બગાવત કરનાર, મુખાલિફ. ૩ જમીનનુ મહસુલ, વેરો. ૪ ભાગ ૬ ખેતીની ઉપજનો દસમો ભાગ ૭ જમીન ૮–૯ નેસાબનો માલિક માલવાળો.

રે તુહી

ગાફિલ સોવે ના સુને, નેહ ના ધરસી મન રે,
નેહ ના ધરસી મન;
તો ફાંસુ[1] ગણાયા આપકુ, મુમન મધે તન રે,
મુમન મધે તન. ૧૨

★

—:૨૨૧૮—૧૮:—

સુનો ઝકાત હે દેની, માલ હો કેરી;
વૅ હકીકત દેનેકી, સુનો બુઓરે સવેરી. ૧
સુનો દીરહમ દોસૌ મલ, હોતી હે નિસાબા;
તબ સાલ રે ગહે બાજ, દેની ઝકાત રે સિતાબા. ૨
એક દીરહમ હોતા હે, આધે ગદિયાણે[3] જેતા;
ભી ધુગચીકા[4] વજન, એક અદકા સોણીતા. ૩
ભી ધુગચીકા પાંચમા, ભાગ રે કહીયે;
એતા ધુગચીકે ઉપર, ભી અદકા લહીયે. ૪
એતા દિરહમ કેરા, હુવા રે વજના;
સો દિરહુમ એકકા, સુન મન ધરના. ૫
તબ દોસો દિરહમ કે, હુએ તોલે રે પચાસા;
ભી અઢી તોલે ઉપર, સુનો હોકર દાસા. ૬
હુઇ સાડે બાવન, તોલુસુ નિસાબા;
સો રૂપેકી નિસાબા, બુઝીયો સિતાબા. ૭
હુએ સાડે રે બાવન, તોલુ દેની હે ઝકાતા;
એ સુન સુન એતના કહો, દિન ઓર રાતા. ૮

રે તુહી

સુનતે દીનકુ પાહેસી, ગાફિલ મન ધર સુન રે,
ગાફિલ મન ધર સુન;
જો જન્નતકા ચાવ હે, સુનને સહી કર મન રે,
સુનને સહી કર મન. ૯

૧ ફોકટમા, બેકાર. ૩ અરધા તોલાનુ વજન ૪ ચણોઠી, રતી.

—:૨૨૧૯—૧૯:—

સુનો સોનેકી નિસાબ, કેરી રે બાતી;
સો બીસ રે દીનાર, હોવે ઝકાત સોણાતી. ૧
હે દીનારકા વજન, એક મિસકાલ[1] રે કેરા;
એ સુન સુન સહી કર, બુઝોરે સવેરા. ૨
સુનો બાર રે વાલકા[3], મિસકાલ હે કેહ્લાતા;
એક દીનારકે વજનકી, બુઝો ઍસી રે બાતા. ૩
હુએ સાડે સાત તોલે, બીસ દીનારૂં સેતી;
સુનો સોનાકી નિસાબકી, હુઇ હકીકત એતી. ૪
સુનો રૂપેને[4] સોનેકી, દો નિસાબ આખી;
સો વજનકી હકીકત, જુદઇ દોનુકી દાખી. ૫
જબ દોનુ રે નિસાબાં, હોવે રે તમામા;
જું વજન કેરા, લખીયા નામા. ૬
તબ ચાલીસમા ભાગ, હે દેની રે ઝકાતા;
હોવે રૂપા ને સોના, દોનુ સિકેકી જાતા. ૭
કે માર[6] હોએ પડી, ટંકસાલ કેરી;
તો ભી નિસાબ હુએસુ, દેની ઝકાત સવેરી. ૮
અને હોએ જો નિસાબ, સિકકે રે બના;
તો ભી ઝકાત રે દેની, બુઝીયો મંના. ૯
અને હોવે જો ગરેના[7], તો ભી ઝકાત રે દેની;
અને બાસન[8] રે હોવે, તો ભી દેની સુન લેની. ૧૦
હોવે બાસન રૂપેકે, કે સોને હો કેરે;
વૅ નિસાબુ જેતે, હોવે વજન સવેરે. ૧૧
તો ભી ઝકાત રે દેની, એ નિસાબુમા આખી;
હોતે નિસાબ પુરી, દેની રે દાખી. ૧૨

૧ સાડા ચાર માશાનું વજન. એક સોનાના સીકકાનું નામ જે અરબમાં પહેલા ચાલતો હતો. ૩ એક વજનનુ નામ ૩૨ વાલનો એક તોલો. ૪ ચાંદી ૬ છાપ ૭ દાગીનો ૮ વાસણ.

પણ ઓછી રે નિસાબકુ, ઝકાત રે નાહાં;
એ સુન સુન સહી કર, બુઝો મન માહાં. ૧૩
સુનો ચાલીસમા ભાગ, દેની રે ઝકાતા;
સો નિસાબ રે હોતે, સુનો રે બાતા. ૧૪
સો નિસાબાં વજનકી, જેતી રે કહી;
ભાગ ચાલીસમા ઑસકા, દેની ઝકાત રે સહી. ૧૫
સુનો પૅલા પૅલ પુરી, હોવે નિસાબકી જાતી;
તબ ચાલીસમા ભાગ, દેની ઝકાત સોણાતી. ૧૬
પછે નિસાબકે ઉપર, જું બધતા જાવે;
સો નિસાબકા પાંચમા, ભાગ બધારે દેખાવે. ૧૭
તબ ઑસકાભી લેખાકર[1], ઝકાત રે દીજે;
ભાગ પાંચમેથી અધુરા, ના દેની રે કીજે. ૧૮
દોસો દિરમુ ઉપર, ચાલીસ બધાવા;
એ પાંચમા ભાગ, દોસોકા દેખાવા. ૧૯
અને બીસ દીનારૂં પર, જો ચાર રે બધાએ;
એ બીસકા પાંચમા, ભાગ ચાર રે દેખાવે. ૨૦
તો ઓનુકા ભી ચાલીસમા, દે રે ભાગા;
એ બધતી નિસાબ પર, ભાગ પાંચમા લાગા. ૨૧
જબ નિસાબકે ઉપર, ભાગ પાંચમા બધાયા;
તબ ઉસકી ઝકાતકા, હે દેના રે પઢાયા[3]. ૨૨

રે તુહી

સુને બના સુન ગાફિલા, પાતા નાહી દીન રે,
પાતા નાહી દીન;
સુનતા ના તુ સો રહા, કૅસી ચંતા કીન[4] રે,
કૅસી ચંતા કીન. ૨૩

૧ ગણીને ૩ હુકમ થએલો છે ૪ કરી રાખી છે.

—:૨૨૨૦—૨૦:—

સુનો માલકા ચાલીસમા, ભાગ દેની રે ઝકાતા;
સો નિસાબ હુએ બાજ, હે દેના રે લખાતા. ૧
પછે નિસાબકે ઉપર, જું બધતા જાવે;
સો નિસાબકા પાંચમા, ભાગ બધતા દેખાવે. ૨
સુનો ઉસકીભી ઝકાત, હે રે દેની;
અને ઉસથી ઓછે કી, નાહી દેની સુન લેની. ૩
અને બૅાત જો ઝરકી[1], હોવે રે જાતી;
તો ઝકાતકે લેખેકી, બાત સોહેલી[3] લેખાતી. ૪
કે ઝકાતમા ચાલીસમા, દીજે રે ભાગા;
એ બૅાતરે માલકા, લેખા સોહેલા લાગા. ૫
યું લેખા રે કરતે, કુછ ચંતા રે નાહાં;
કે ચાલીસમા ભાગ, દીજે ઝકાતકે માહાં. ૬
અને હોવે જો થોડા માલ, તો લેખા રે કીજે;
જું ઉપર લખીયા, વૅ રીત ચંત દીજે. ૭
સુનો બૅાત હેં જાતી, દીરહમું કેરી;
એ જુદે જુદે વજનસુ, હેં રે અનેરી. ૮
પણ દીરહમ શરાઇ[4], ઓનુકુ કહીયે;
જે વજન રે લખીયા, વૅ સુનકર લહીયે. ૯
એતા વજન હોવે, દસ દીરહમું કેરા;
સો સાત મિસકાલ, જેતા બુઝીયો સવેરા. ૧૦
વૅ હકીકત સધળી, હે ઉપર લખાઈ;
વૅ વજનકી બાત, સબ લખે માંહે આઇ. ૧૧
દીરહમુંકે રૂપેમા, કુછ ઓર હેં ભેલાતે;
મિલા રૂપા ને જસત, દીરહમ હેં બનાતે. ૧૨

---

૧ ધન, માલ ૩ આસાન ૪ શરીઅતના હિસાબ પ્રમાણે

ભી જસત રે બના, ઔર મિલાતે[1] સોણાતે;
બુઝો ઐસે ભી દીરહમ, હેં રે દેખાતે. ૧૩
પછે રૂપા જો અદકા, ઑાસ ભેગથી દેખાવે;
તો દીરહમ રૂપેકા, વઁ હે રે કેલાવે. ૧૪
અને કભી રૂપે પર, ઔર ભેગ રે બધાયા;
કે રૂપા થોડા, ભેગ બૅાત રે દેખાયા. ૧૫
પછે ઑાસ માહે રૂપેકી, જેતી હોવે રે જાતી;
વઁ લેખા ચોખા કરને, દેની ઝકાત રે સોણાતી. ૧૬
અને રખત[3] જે હોવે, બેપાર કેરા;
સો નાણે બના, ઓર બુઝીયો સવેરા. ૧૭
વૅ રૂપેકે ને સોનેકે, લેખે માંહે લીજે;
કે ઉસકા હિસાબ કર, નાણા[4] ચંત દીજે. ૧૮
કભી સોના બોત આવે, વૅ કરતે હિસાબા;
તો સોનેકી નિસાબકા, કરો હિસાબ રે સિતાબા. ૧૯
અને રૂપા બૅાત આવે, જો હિસાબ રે કરતે;
તો રૂપેકી નિસાબકા, કર હિસાબ રે લખાતે. ૨૦
જું રૂપા કે સોના, બૅાત હોવે જિંસ રીતા;
વઁ હિસાબ હે કરના, હુકમ રે દીતા. ૨૧
પિછે ઝકાત દેની, પુરી હોતે રે નિસાબા;
એ સુન સુન એતના, કહો રે સિતાબા. ૨૨

રે તુહી

ફટ રે મુરખ ગાફિલા, સુણતા નાહી એ બૅન રે,
સુણતા નાહી એ બઁન;
અંઘોર[6] નીંદરા[7] સો રહા, કયું ના ખોલે નઁન રે,
કયું ના ખોલે નૅન. ૨૩

૧ ભેળ કરવો ૩ સરસામાન ૪ કીંમત ૬–૭ ભરપુર ઉંઘમા.

—ઃ ૨૨૨૧ — ૨૧ ઃ—

હોવે નિસાબ પુરી, હુઇ માલ હો કેરી;
કે જિસ પર ઝકાત, આવે દેની રે સવેરી. ૧

હુઇ પુરી નિસાબ, જેતી દેની રે ઝકાતા;
પણ બરસ ઉસ પર, નાહી ગયા રે દેખાતા. ૨

અને નુકશાન ફિર કર, ઉસ નિસોબમા આયા;
કે નિસાબમા ઓછા, કુછ હુઆ રે દેખાયા. ૩

ફેર બરસ હોતે, પુરી હુઈ રે તમામા;
જેતા પુરી રે નિસાબકા, કહીયે રે નામા. ૪

યું દોનું છેડુ બરસકે, હુઇ પુરી રે દેખાવે;
ઉસ નિસાબકી ઝકાત, પુરી દેની રે સોણાવે. ૫

વૅ જે બરસકે બિચમા, હુવા નુકસાના;
વૅ નુકસાન લેખેમા, ના ગણુના જાના. ૬

સુનો રખતકા નાણેસુ[1], હિસાબ રે કીજે;
જું ઉપર લખીયા, ત્યું ચંત રે દીજે. ૭

અને સોનેકુ રૂપેસુ, કરના હિસાબા;
સો મુલ[3] કર કર, બુઝીયો સિતાબા. ૮

પિછે અલ્લાહ રે જાને, એ હકીકત બાતી;
એ સુન સુન એતના, કહો દિન ઓર રાતી. ૯

રે તુહી

સુનને બૅના દીનકે, ગાફિલ નૅના ખોલ રે,
ગાફિલ નૅના ખોલ;

સુનતે હોવે ભસતી[4], નાહી કુછ ઉસકે તોલ રે,
નાહી કુછ ઉસકે તોલ. ૧૦

---

૧ કીંમત ૩ કીંમત ૪ જન્નતી

—:૨૨૨૨—૨૨:—

અબ આશિર[1] કેરે, સુનો રે બૅના;
કે હાકિમુકુ ઝકાતકા, માલ યું હે લેના. ૧
કે હાકિમ ઝકાત, લેવે અસ રીતા;
એ મન ધર સુનના, જું હુકમ રે દીતા. ૨
કે હાકિમ હે લેતે, જે દાણ[3] હે કૅલાતા;
વૅ લેને કેરી, સુનો રે બાતા. ૩
જિસે પાદશાહને દાણી, હોવે રે કીતા;
વૅ ઝકાત લેવે, હોકમ રે દીતા. ૪
કે સદકા લેવે, વૅ સૌદાગર રૂપાસા;
જે વૅપારકા કરનાર, બુઝો સૌદાગર ખાસા. ૫
સુનો ઓનુકે પાસથી, ઑસે દાણ હે લેના;
વૅ સદકા નામ, હે ઝકાતકા કૅના. ૬
પછે જે કોઈ દાણીકુ, અરજ પોચાવે;
નાહી બરસ પુરા, હુવા રે બતાવે. ૭
ભી કૅવે કે મોજ સર, હે કરજ રે દેના;
નાહી[4] બધા[6] માલ અસ બેપાર મેના[7]. ૮
એતા દાણીકુ, કે સુ[8] રે ખાવે;
તો દાણી સુ સુન, કબુલ કરાવે. ૯
કે ઑસ રે માલકી, ના લેવે રે ઝકાતા;
એ સુન સુન એતના, કહો દિન ઓર રાતા. ૧૦

રે તુહી

મત સો ગાફિલ જાગ કર, સુન એ દીનકી બાત રે,
સુન એ દીનકી બાત;
સહી કર સુનને મૂરખા, જન્નત પાવે જાત રે,
જન્નત પાવે જાત. ૧૦

---

૧ બાદશાહ તરફથી જે માણસ સદકો, અને ઝકાત વસુલ કરવા માટે રાખવામાં આવે તે. ૩ ઝકાત, સદકો વીગેરે ૪–૬ વધયો નથી. નફો નથી થયો ૭ અંદર ૮ સોગંદ

—: ૨૨૨૩ — ૨૩ :—

ભી દાણીકે આગે, કૅને[1] બાત રે કહી;
કે માલકી ઝકાત, મે દીતી રે સહી, ૧
કે મેં મેરે માલકા, હે દાણ રે દીયા;
પણ તમુને ઉસકુ, હે ફરામોશ[3] કીયા. ૨
બાત કરે દાણીસુ, અસ રે રીતા;
યાકે કૅવે મેં દાણી, દુજેકુ દીતા. ૩
કે દુજે રે દાણીને, માલ મેરા હે લીતા;
સો દાણકે કાજ, લે કબ્જ રે કીતા. ૪
યું દાણીસુ બાતકે, સુ રે ખાવે;
હે રવા[4] કે દાણી, વૅ કબુલ કરાવે. ૫
કે સુ ખાયે પીછે, ના લેવે રે દાણી;
સો રીત જે દાણ, કેરી રે જાણી. ૬
પણ ચો પગુકી ઝકાતકા, સુ રે ખાવે;
મેં ફકીરૂંકુ દીતા, હે રે બતાવે. ૭
કે ચો પગુકી ઝકાત, મેં હે રે દીતી;
કભી સુ ખા દાણીસુ યું બાત રે કીતી. ૮
તો સુ વૅ દાણી, માને રે નાહાં;
લેવે ઝકાત જે હોવે, ઑાસ ચોપગુ માહાં. ૯
જેતી બાત માંહે મૂમન, હે સુ રે ખાતા;
અને દાણકુ કબુલ, ના વૅ હે રે લખાતા. ૧૦
સો જીતની બાતાં, લિખને આખી;
સુ દાણી રે કબુલે, જેતી ઠામ રે દાખી. ૧૧
વૅસી જજીએ[6] દેનારકી, બુઝો રે રીતા;
કે વૅભી સુ ખાવે, હુકમ રે દીતા. ૧૨

૧ કોઇએ ૩ ભુલી ગયા ૪ જાઇઝ ૬ જે ટેક્ષ (વેરો) કાફિરો પાસેથી (જે મુસલમાનોના તાબે હોય) લેવામાં આવતો હતો.

સો જેતી ઠામ મુમનકી, સુ કબુલ કરાઇ;
સુ જજીએ વાલેકી, ઓતી ઠામ હે બતાઇ. ૧૩
કે એતી ઠામ સોગંદ, ખાવે જજીએ દેનારા;
વૅ દાણીરે કબુલે, ઑાસ સુ કો બચારા[1]. ૧૪
કે જજીએ દેનારકી, સુ કબુલ કરાવે;
સુ કબુલને ઑાસ પાસ, ના દાણ રે ચાવે. ૧૫
પણ હરબીકી[3] સોગંદ, કબુલે નાહાં;
લેવે દાણ જે હોવે, ઓસ માલ કે માહાં. ૧૬
અને ઓર ભી સુ ના, કબુલ રીતા;
ચું હરબીકુ જુઆ, ઝિમીસુ[4] કીતા. ૧૭
*પણ હરબીકી બાંદીને[6], હોવે બેટા રે જાયા[7];
સો ઉસકે સાહેબસુ[8], વો હોવે રે કૅલાયા. ૧૮
હે બાંદીસુ ખાવે, બેટા સાહેબ કેરા;
તો હરબીકી બાંદીકી, સૂ કબુલો સવેરા. ૧૯
અને ઝિમીકી રીત, હે મૂમન જેસી;
જુું મૂમનકી સોગંદ, બુઝો ઑાસકીભી વેસી. ૨૦
એ સુન સુન બાતી, પાક કરની હે જાતી;
અને એક કર કહો, દિન ઓર રાતી. ૨૧

રે તુહી

ગાફિલ મત સો જાગકર, સુનને દિનકે બૅન રે,
સુનને દિનકે બૅન;
જન્નત પાવે સોણુતે, જો સહી કરસી કૅન રે,
જો સહી કરસી કૅન. ૨૨

---

